# આત્મધર્મ


## વર્ષ ૩૧

## સળંગ અંક ૩૭૦

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

# મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




૩૭૦



*** પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ***

જન્મજયંતી હીરક ઉત્સવ સ્વર્ણપુરે ઉજવાય મહાન;
ચિરંજીવો ધર્મરતન આ-આશિષ અર્પે શ્રી ગુરુ કહાન.

---

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦ શ્રાવણ–ભાદ્ર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક ૧૦

# આવી શ્રાવણની બીજલડી

આવી શ્રાવણની બીજલડી આનંદદાયિની હો બેન,
-સુમંગલમાલિની હો બેન!
જન્મ્યાં કુંવરી માતા-'તેજ'-ઘરે મહા પાવની હો બેન,
-પરમ કલ્યાણિની હો બેન!
ઊતરી શીતળતાની દેવી શશી મુખ ધારતી હો બેન,
-નયનયુગ ઠારતી હો બેન!
નિર્મળ આંખલડી સૂક્ષ્મ-સુમતિ-પ્રતિભાસિની હો બેન,
-અચલ-તેજસ્વિની હો બેન!

( સાખી )

માતાની બહુ લાડિલી, પિતાની કાળજ-કોર;
બંધુની પ્રિય બ્હેનડી, જાણે ચંદ્ર-ચકોર.

બ્હેની બોલે ઓછું, બોલાવ્યે મુખ મલકતી હો બેન,
-કદીક ફૂલ વેરતી હો બેન!
સરલા, ચિત્તઉદારા, ગુણમાળા ઉર ધારિણી હો બેન,
-સદા સુવિચારિણી હો બેન!.........આવી૦

( સાખી )

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

જ્ઞાયક-અનુલગ્ના, શ્રુતદિવ્યા, શુદ્ધિવિકાસિની હો બેન,
-પરમપદસાધિની હો બેન!
સંગવિમુખ, એકલ નિજ-નંદનવન-સુવિહારિણી હો બેન,
-સુધા-આસ્વાદિની હો બેન!......આવી૦

( સાખી )

સ્મરણો ભવ-ભવનાં રૂડાં, સ્વર્ણમયી ઇતિહાસ,
-દૈવી ઉર-આનંદિની 'ચંપા' પુષ્પ-સુવાસ.

કલ્પલતા મળી પુણ્યોદયથી ચિંતિતદાયિની હો બેન,
-સકલદુખનાશિની હો બેન!
મુક્તિ વરું-મનરથ એ માત પૂરો વરદાયિની હો બેન,
-મહાબલશાલિની હો બેન!.......આવી૦

# સુવર્ણપુરીમાં ઉજવાયેલ આનંદમંગલકારી

# હીરક જન્મજયંતી-મહોત્સવ



ધર્મકાળ અહો વર્તે,
તીર્થધામ સુવર્ણમાં;
જ્ઞાનસુધા સદા વર્ષે
ગુરુ કહાન મુખે જહાં.

અધ્યાત્મયુગપ્રવર્તક મંગલમૂર્તિ પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સત્પ્રતાપથી સુવર્ણપુરીમાં વીતરાગ જૈનધર્મનો સદૈવ જયજયકાર વર્તે છે; તેઓશ્રીના મંગલ પ્રભાવથી અનેક મંગલ ઉત્સવો પણ સંપન્ન થાય છે. પૂજ્ય ગુરુદેવના પરમ ભક્ત, મુમુક્ષુસમાજના શિરોમણિ, પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ષષ્ટિપૂર્તિ હીરક જન્મજયંતીનો મંગલ મહોત્સવ શ્રાવણ વદ બીજના રોજ સુવર્ણપુરીમાં સૌ મુમુક્ષુ ભક્તજનો દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે ઊજવવામાં આવ્યો.

શ્રાવણ માસ બેસતાં જ સોનગઢમાં જન્મજયંતીના આ મંગલ ઉત્સવની તૈયારીઓ માટે મુમુક્ષુહૃદયો થનગની ઊઠે છે; દેશવિદેશમાં વસતા સાધર્મીઓ, પૂજ્ય

બહેનશ્રી પ્રત્યે અતિ ભક્તિપ્રેમને લીધે, જન્મજયંતી–ઉત્સવની નિમંત્રણપત્રિકાની પ્રતિક્ષા કરતા હોય છે.

આ વર્ષે પૂજ્ય બહેનશ્રી ૬૦ વર્ષ પૂરાં કરીને ૬૨ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં હોવાથી, તેમનો જન્મદિવસ “ષષ્ટિપૂર્તિ હીરક જન્મજયંતી મહોત્સવ” રૂપે વિશેષ સમારોહપૂર્વક ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ હીરક મહોત્સવનો શુભ સંદેશ સુંદર નિમંત્રણપત્રિકા દ્વારા ભારતવાસી બધાં મુમુક્ષુમંડળો તથા વિદેશવાસી મુમુક્ષુઓને સમયસર પાઠવવામાં આવ્યો હતો. નિમંત્રણપત્રિકા લખવાના પ્રારંભની મંગલ વિધિ પરમાગમમંદિરમાં સમગ્ર મુમુક્ષુમંડળની ઉપસ્થિતિમાં માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના શુભ હસ્તે કરવામાં આવી હતી; પત્રિકા સમાજ સમક્ષ વાંચી સંભળાવવામાં આવી; પ્રસંગોચિત મંગલ ગીતો તથા જયકારના મધુરા નાદોથી ‘હીરક જયંતી’ ના ઉત્સવનો મંગલ સંદેશ મુમુક્ષુહૈયામાં ગુંજતો થયો; મુ. શ્રી રામજીભાઈ દોશીએ પૂજ્ય ગુરુદેવના પુનિત કરકમળમાં નિમંત્રણપત્રિકા અર્પણ કરી; પત્રિકા જોઈ–વાંચીને, બહેનશ્રીના જન્મદિવસની–૬૦ મા વર્ષની પૂર્તિના હીરક મહોત્સવની–ઉજવણી માટે પૂજ્ય ગુરુદેવે અનુમોદનાપૂર્ણ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

એક સપ્તાહ પૂર્વ મુમુક્ષુબહેનોએ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન પછી સભામાં, જન્મજયંતીના મંગલ આગમનનો સંદેશ સૂચવતું ભાવભીનું મધુર ગીત ગાઈને સુવર્ણપુરીનું વાતાવરણ મંગલ મહોત્સવની પ્રતીક્ષાથી ગુંજતું કરી દીધું હતું; તે પ્રસંગે પણ પૂજ્ય ગુરુદેવે પ્રસન્નતાથી ગદ્ગદભાવે હૃદયોદ્ગાર વ્યક્ત કરતાં કહ્યું કે–“બેનોને ચંપાબેન ઉપર કેટલો પ્રેમ છે!! ચંપાબેનનો જન્મદિવસ ઊજવવા માટે બેનોમાં કેટલી બધી હોંશ–હરખ છે!! ”

પ્રતીક્ષિત મંગલ મહોત્સવના શુભ દિવસો આવ્યા. ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરવા સર્વપ્રથમ પંચ પરમેષ્ઠી ભગવંતોની ‘મંડલવિધાનપૂજા’ દ્વારા મંગલ પધરામણી થઈ. ત્રણ દિવસના આ પુનિતોત્સવ નિમિત્તે સ્થાપનાપૂર્વક સમાગત તે પંચ પરમેષ્ઠી ભગવંતોની વિધિપૂર્વક મંડલવિધાનપૂજા જોડિયાવાળા શ્રી શાંતિલાલ તથા કાંતિલાલ ગિરધરલાલ શાહ તરફથી રાખવામાં આવી હતી.

શ્રાવણી પૂર્ણિમા–વાત્સલ્યધર્મનું પર્વ–આ મંગલ ઉત્સવના પ્રારંભનો દિવસ.

વહેલા પ્રભાતથી ત્રણે દિવસ આશ્રમનું નભમંડળ ચોઘડિયાવાદનથી તથા ‘ભારત કી એક સન્નારી કી કથા સુનાતે હૈં’...વગેરે સુમધુરાં ગીતોથી ગુંજતું હતું. ખરેખર ભારતવર્ષની આ યુગની અધ્યાત્મજ્ઞાનાનુભૂતિભૂષિત સર્વશ્રેષ્ઠ સન્નારીની જન્મજયંતી ઊજવવા મુમુક્ષુજનો આનંદવિભોર થયા હતા. આ ઉત્સવને દીપાવવા શ્રી જિનમંદિર, પરમાગમમંદિર તથા બ્રહ્મચર્યાશ્રમ વિદ્યુત–પ્રસાધનોથી શણગારવામાં આવ્યાં હતાં. હીરકજ્યોતિ સમા વિદ્યુતસાથિયા તથા વિવિધરંગી વિદ્યુતશણગાર આ મંગલ પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા.

શ્રાવણ કૃષ્ણા બીજ–મંગલ મહોત્સવનો મુખ્ય દિવસ–પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીનો મંગલ દિન. વહેલા પ્રભાતથી આનંદભેરી સાથ જન્મવધાઈનાં સુમધુર ગીતોથી તથા જયકારના મંગલ નાદોથી આશ્રમનું વાતાવરણ આનંદવિભોર થઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રવચન પહેલાં બ્રહ્મચારી બહેનોએ પ્રાસંગિક ગીત દ્વારા તેમના પરમાધાર પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ અભિવ્યક્ત કરીને આજના મંગલ મહોત્સવનું મંગલાચરણ કર્યું હતું.

પૂજ્ય બહેનશ્રી કૃપાળુ ગુરુદેવના પ્રવચનમાં પધાર્યાં તે શુભ પ્રસંગે શ્રી છબલબેન તંબોળીએ પ્રશમરસભીની ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીના વિશાળ લલાટમાં કેસરનું તિલક કરી, તેમણે તથા તેમના પરિવારે હીરક જયંતીના પ્રતીકરૂપે હીરા–પન્ના–સુવર્ણ–પુષ્પો વગેરેથી વધાવી, પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં તથા વિશાળ મુમુક્ષુસમુદાયની ઉપસ્થિતિમાં પૂજ્ય બહેનશ્રીનું અતિ ભાવપૂર્ણ બહુમાન કર્યું હતું. આ ધન્ય પ્રસંગ અદ્‌ભુત આશ્ચર્યકારી હતો. તે પ્રસંગની પૂજ્ય બહેનશ્રીની પ્રશમરસઝરતી ઉદાસીન નિસ્પૃહ મુદ્રા જોઈને પૂજ્ય ગુરુદેવે પણ અહોભાવથી કહ્યું કે, ચંપાબેન તો ખરેખર મહાન ધર્મરત્ન છે,..પ્રશમરસનો ઢાળો છે,...તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી, પણ ભક્તોને તો ભક્તિપ્રેમથી તેમનું બહુમાન કરવાના ભાવ આવે ને!!

ત્યાર પછી શ્રી ચંપકલાલ મોહનલાલ ડગલી તથા તેમનાં ધર્મપત્ની શ્રી પ્રભાબેને પૂ. બહેનશ્રીને વધાવીને, હીરક જયંતી–ઉત્સવના મંગલ ઉપલક્ષ્યમાં પૂ. બહેનશ્રીના ભૂત–વર્તમાન–ભાવી–એમ ત્રણ ભવના સંકેત સૂચવતી સુંદર કળાપૂર્ણ ‘રૌપ્યકૃતિ’ પૂ. બહેનશ્રીના કરકમળમાં સમર્પિત કરી હતી; તે પ્રસંગે શ્રી પ્રભાબેને સકલ મહિલાસમાજ વતી શ્રદ્ધાંજલિભર્યું ભાવવાહી વક્તવ્ય પ્રસ્તુત કર્યું હતું. પૂ.

બહેનશ્રીના બહુમાનના પ્રસંગનું મનોહારી વિરલ દૃશ્ય જોઈ મુમુક્ષુઓનાં હૈયાં આનંદથી ઊછળતાં હતાં; જયકારના ઊંચા મધુરા નાદોથી ગગનમંડળ ગુંજી ઊઠયું હતું; આબાળગોપાળ સૌનાં હૃદયો ભક્તિઊર્મિથી ઊભરાતાં હતાં; સર્વત્ર આનંદ અને પ્રસન્નતા છવાયેલાં દૃષ્ટિગોચર થતાં હતાં.

આ મંગલ ઉત્સવના દિવસોમાં પૂજ્ય ગુરુદેવ પ્રસન્નભાવે અનેક વાર બોલતા હતા કે–ચંપાબેનને બહારનું આ બધું બોજો લાગે છે; પણ લોકોને એમના ઉપર ભાવ છે, ભક્તિપ્રેમ છે, એટલે લોકો તો એમનો ભાવ પ્રગટ કરે. બેને (ચંપાબેને) તો બધું જોયા–જાણ્યા કરવું...લોકોનાં ભાગ્ય છે, વળી બાઈઓનાં તો મહાન ભાગ્ય છે કે આ કાળે બેન (ચંપાબેન) જેવાં ધર્મરત્ન પાક્યાં છે...એમના ઉપર બધાને એકસરખો પ્રેમ છે;... લોકો એમના માટે કરે એટલું ઓછું છે;...એમને ક્યાં કાંઈ છે? એમણે તો જે થાય તે જોવું–જોયા કરવું;...અમે તો એમાં (લોકો તેમનો જન્મોત્સવ ઊજવે, તેમનું બહુમાન કરે તેમાં) ખુશી છીએ;...લોકોને ઉત્સાહ છે, ઘણો ઉત્સાહ છે;...બેન તો ધર્મરત્ન છે.

ઉત્સવમાં ઘણું માણસ આવ્યું છે. લોકોને ચંપાબેન ઉપર ઘણા ભાવ છે–એમ પૂજ્ય ગુરુદેવના હૃદયોદ્‌ગાર નીકળતા હતા ત્યારે પૂ. બહેનશ્રીએ અતિ અતિ નરમ થઈને કહ્યું–‘અમે તો અમારા આત્માનું કરવા આવ્યા છીએ (અર્થાત્ અમને આ બધું ઉપાધિ લાગે છે). પૂજ્ય ગુરુદેવ, તેમની સહજ નિસ્પૃહતા જોઈ, પ્રસન્ન ચિત્તે ધર્મવાત્સલ્યપૂર્વક બોલ્યા કે,–લોકોને ભાવ થાય,...તમારે જોયા કરવું,...તમારે શું છે?... લોકોને ભાવ તો થાય ને! મારા હિસાબે તો લોકો જે કંઈ કરે છે તે (પણ) ઓછું છે.

–આ પ્રમાણે વિભિન્ન પ્રસંગે પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી નીકળતાં ઊર્મિભર્યાં મંગળ વચનો મુમુક્ષુસમાજના આનંદોલ્લાસમાં અભિવૃદ્ધિ કરતાં હતાં.

પ્રવચન પછી શ્રદ્ધાંજલિ–સમર્પણ–સમારોહમાં શ્રી ખીમચંદભાઈ શેઠ, શ્રી ચંપકભાઈ ડગલી તથા શ્રી ગિરધરલાલભાઈ નાગરદાસ શાહે શ્રદ્ધા–ભક્તિયુક્ત ભાવભીની અંજલિ સમર્પિત કરી હતી. ત્યાર બાદ હીરક જયંતીની ખુશાલીમાં ‘૬૧’ આંકના એકમથી રૂા. ૩૨૦૦૦ ઉપરાંતની રકમો જ્ઞાનપ્રચાર ખાતે જાહેર થઈ હતી.

આજના માંગલિક દિને પૂ. બહેનશ્રીબેનના ઘરે પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવના આહારદાનનો આનંદકારી પ્રસંગ હતો. આ પ્રસંગે પૂ. ગુરુદેવના મંગલ વચનોદ્‌ગાર

[ શેષ પૃષ્ઠ ૧૭ માં ]


વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા
વર્ષ ૩૧
અંક ૧૦

# આત્મધર્મ

વીર સં. ૨૫૦૦
શ્રાવણ-ભાદ્ર
ઈ. સ. 1974
AUGUST

# પધારો... પંચપરમેષ્ઠી ભગવંતો ! પધારો...

## [ સાધકને પંચપરમેષ્ઠીનો કદી વિરહ નથી ]



'અહો, પંચપરમેષ્ઠી ભગવંતો ! મારા સ્વસંવેદનજ્ઞાનના બળે આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને હું નમસ્કાર કરું છું.' પ્રવચનસાર જેવા મહાન પરમાગમનો પ્રારંભ કરતાં ઉત્કૃષ્ટ મંગળરૂપે સર્વે પંચપરમેષ્ઠી ભગવંતોને આત્મામાં બોલાવીને, એટલે જ્ઞાનમાં તેમના સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને, આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું જે અપૂર્વ મંગલાચરણ કર્યું છે-તેનાં ભાવભીનાં પ્રવચનો આ અંકમાં આપ વાંચશો-ત્યારે ખ્યાલ આવશે કે પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યે કહાનગુરુના અંતરમાં પરમબહુમાનની કેવી અદ્‌ભુત ઉર્મિઓ ઉલ્લસે છે! વાહ રે વાહ! પંચમકાળેય પંચપરમેષ્ઠીનો વિરહ નથી. પંચમકાળેય સાધકના જ્ઞાનમાં પંચપરમેષ્ઠીભગવંતો હાજરાહજુર વિદ્યમાન છે. સ્વસંવેદનજ્ઞાનમાં આવા સાક્ષાત્કારપૂર્વક પંચપરમેષ્ઠીને નમસ્કાર કરતાં આત્મા પણ તેમના જ માર્ગે જાય છે.

[ આ અંકના ભાવભીના સંપાદકીય લેખ માટે જુઓ પાનું ૩૪ ]

# પ્રવચનસાર

## અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયસુખની મંગલ વીણા



**આચાર્યદેવ વિદેહક્ષેત્રમાં ગયા...અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિયસુખરૂપે પરિમણેલા તીર્થંકરદેવને અને કેટલાય કેવળીભગવંતોને નજરે નીહાળ્યા, શુદ્ધોપયોગરૂપે પરિણમી-પરિણમીને કેવળજ્ઞાનને સાધી રહેલા ગણધરાદિ વીતરાગસંતોના ટોળાંને નજરે દેખ્યા, પોતાના આત્મામાંય એવા શુદ્ધોપયોગની ધારા વહેતી હતી; અને વળી ૐકારધ્વનિરૂપે જિનપ્રવચનમાં અતીન્દ્રિય જ્ઞાન-સુખનું સાક્ષાત્ શ્રવણ કર્યું...એ બધાયનો ધોધ આચાર્યદેવે આ પ્રવચનસારમાં રેડયો...અને તેના દ્વારા જાણે કે ભરતક્ષેત્રના જીવોને અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયઆનંદની જ ભેટ આપી. આજે કુંદકુંદસ્વામીની એ મહાન ભેટ કહાનગુરુ આપણને આપી રહ્યા છે...ને અતીન્દ્રિય જ્ઞાન-આનંદરસના ઘૂંટડા પીવડાવી રહ્યાં છે. લીજીયે...ચૈતન્યરસ પીજીયે.**

# મોક્ષની આરાધનાનો મંગલ મહોત્સવ

મહોત્સવના મંડપમાં પધારેલા પંચપરમેષ્ઠી ભગવંતો.
ભવસમુદ્રના કાંઠે આવેલા મહાત્માદ્વારા શુદ્ધોપયોગની ઝણઝણાટી



પ્રવચનસારના મંગલાચરણમાં પાંચ ગાથા દ્વારા જ્યારે પંચપરમેષ્ઠી ભગવંતોને બોલાવીને તેમને વંદન કરવાનું ભાવભીનું વર્ણન ચાલતું હોય ત્યારે પ્રવચનમાં ગુરુદેવ કેવા અદ્‌ભુત ભાવથી ખીલી ઊઠે છે! તે તો સીધા શ્રોતાઓ જાણે છે; અહીં આપેલા પ્રવચનમાંથી આત્મધર્મના પાઠકબંધુઓ તેની થોડીક ઝાંખી કરી શકશે. પાંચવર્ષ પહેલાં (આત્મધર્મ અંક ૩૦૦ માં) જ્યારે આ પ્રવચનસારના મંગલપ્રવચનો છપાયા, ને ગુરુદેવને તે વાંચીને જે મહાન પ્રમોદ જાગ્યો તે આજેય યાદ આવે છે. ‘આત્મધર્મ’ ને માટે ગુરુદેવના શ્રીમુખથી ખૂબ જ પ્રમોદપૂર્વક ‘ધન્યવાદ’ના ઉદ્‌ગારો ત્યારે નીકળ્યા હતા. આજે ફરીથી ગુરુદેવના એવા જ અદ્‌ભુત ભાવભીના પ્રવચનો અહીં રજુ કરતાં આનંદ થાય છે. જિજ્ઞાસુ-સાધર્મીઓ! તમે પણ અતિ બહુમાનપૂર્વક જિનવાણીમાં ઝરતા આનંદરસનું પાન કરજો.

-બ્ર. હ. જૈન

-બ્ર. હ. જૈન

મહાવીરનિર્વાણના ૨૫૦૦ મા વર્ષમાં

# મોક્ષના મહોત્સવનો મંગળ મેળો



પૂ. ગુરુદેવના પ્રવચનમાં એકકોર પ્રવચનસાર ને બીજીકોર સમયસાર-કળશ,-જાણે અનેકાન્તમય જિનવાણીરથના બે પૈડાં! એ બંને પૈડાં ઉપર જિનવાણીનો રથ આજેય મોક્ષમાર્ગ તરફ દોડી રહ્યો છે. સમયસારનું મંગલાચરણ એટલે સિદ્ધપદની ધૂન...ને પ્રવચનસારનું મંગલાચરણ એટલે પંચપરમેષ્ઠીની ધૂન.-આ રીતે સવાર-બપોરનાં પ્રવચનો સાંભળતાં સોનગઢમાં તો જાણે સિદ્ધભગવંતોનો અને પંચપરમેષ્ઠીભગવંતોનો મોટો મંગળ મેળો ભરાયો હોય!-પંચપરમેષ્ઠીઓ જાણે સાક્ષાત્ પધાર્યા હોય!-એવું વાતાવરણ વર્તી રહ્યું છે. ગુરુદેવ એવા ભાવમાં શ્રોતાઓને ઝુલાવે છે કે જેને મોક્ષ લેવો હોય તે ચાલ્યા આવો આ મેળામાં! મોક્ષનો આ મંગલમંડપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપી દરવાજાથી તથા વીતરાગચારિત્રરૂપી તોરણથી શોભી રહ્યો છે. પંચપરમેષ્ઠીને અને સિદ્ધભગવંતોને સાથે લઈને, એટલે કે તેમનું શુદ્ધસ્વરૂપ પોતાના જ્ઞાનમાં લઈને જે મુમુક્ષુ આ મેળામાં આવ્યો તે મુમુક્ષુ જરૂર મોક્ષ પામશે. (આવા મંગલ ઉત્સવ-પ્રસંગના ચૈતન્યના આનંદરસઝરતા પ્રવચનો આપ હવે વાંચશો.)

# અપૂર્વ ઉમંગભર્યા વાતાવરણમાં પ્રવચનસારનો પ્રારંભ
# વીતરાગસંતોએ માંડી છે પરમ આનંદની પરબ.
# પિપાસુ જીવો આવો...ને આનંદરસને પીઓ.

આત્માના અતીન્દ્રિયઆનંદરૂપ ને સુખરૂપ પરિણમેલા ભગવંત પંચપરમેષ્ઠીની પધરામણી–પૂર્વક, પરમઆનંદની પરબ જેવું આ પ્રવચનસાર–પરમાગમ આજે (શ્રાવણ સુદ સાતમે) શરૂ થાય છે. શ્રાવણ સુદ સાતમે 'મોક્ષસપ્તમી' કહેવાય છે–આજે સમ્મેદશિખરની સુવર્ણભદ્ર ટૂંક પરથી પારસનાથપ્રભુ મોક્ષ પધાર્યા છે. અહો, તે મોક્ષસુખ એટલે કે આત્માનું અતીન્દ્રિયસુખ, તેની પ્રાપ્તિનો માર્ગ બતાવનારું આ પ્રવચનસાર આજે પ્રવચનમાં શરૂ થાય છે.

સ્વસંવેદન–પ્રત્યક્ષ એવો જ્ઞાનસ્વરૂપ હું–આત્મા, પંચપરમેષ્ઠી ભગવંતોને મારા જ્ઞાનમાં સાક્ષાત્ વર્તમાનકાળગોચર કરીને, નમસ્કાર કરું છું.–આ રીતે મોક્ષની આરાધનાના મહોત્સવમાં પંચપરમેષ્ઠી ભગવંતોને બોલાવીને આચાર્યદેવે અપૂર્વ મંગળ સહિત પ્રવચનસારનો પ્રારંભ કર્યો છે. તે પ્રવચનસાર ઉપર આજે છઠ્ઠી વખત પ્રવચનો શરૂ થાય છે. પરમાનંદના પિપાસુ ભવ્ય જીવો તેમાં ઝરતા શાંતરસનું પાન કરીને તૃપ્ત થાઓ. (–સં.)

આજે આ પ્રવચનસાર શાસ્ત્રની મંગળ શરૂઆત થાય છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવે જિનવચનનો સાર આમાં ભર્યો છે; ભાવશ્રુતજ્ઞાન વડે તેને જાણતાં દિવ્ય જ્ઞાનાનંદસ્વભાવી આત્માની અપૂર્વ–પ્રાપ્તિ થાય છે. ટીકાકાર શ્રી અમૃતચંદ્રસ્વામીએ 'તત્ત્વપ્રદીપિકા'

ટીકામાં તેનાં રહસ્યો ખોલીને અમૃતની રેલમછેલ કરી છે મંગળરૂપે સ્વાનુભવથી પ્રસિદ્ધ એવા ઉત્કૃષ્ટ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને નમસ્કાર કર્યા છે, તથા અનેકાંતજ્ઞાનની સ્તુતિ કરી છે.

જે જ્ઞાન આત્માના આનંદને પ્રગટ કરે ને રાગથી વિરક્ત પરિણમે, તેને જ જિનાગમનું સાચું જ્ઞાન કહીએ છીએ. જિનાગમ આત્માના આનંદસ્વરૂપને બતાવે છે, તેથી સમકિતીને જિનાગમની ભક્તિ હોય છે.

સિદ્ધભગવંતોને જે મહાન જ્ઞાન–આનંદ પ્રગટયા તે આત્મામાંથી પ્રગટયા છે– એમ જે પ્રતીત કરે છે તેને તેવા જ્ઞાન–આનંદસ્વરૂપ પોતાના આત્માની પ્રતીત થાય છે, ને તેનો સ્વાદ આવે છે. અહા, આત્માની વીતરાગી શાંતિના સ્વાદની શી વાત? જગતમાં ક્યાંય કોઈ વસ્તુમાં એવો સ્વાદ છે જ નહિ.

આવા ઉત્કૃષ્ટ જ્ઞાન–આનંદસ્વરૂપને નમસ્કાર કરતાં આત્મામાં રાગથી જુદો મંગળ ભાવ પ્રગટે છે.

સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મા સુખના સિંહાસને બેઠો...ત્યાં પુણ્ય–પાપ, રાગ–દ્વેષ ભાવોથી વિરક્ત થઈને તે ચૈતન્યના જ્ઞાનઆનંદસ્વરૂપનો રસિક થયો, હવે પર્યાયે પર્યાયે તેને ચૈતન્યરસના અમૃત ઝરે છે.

અહો, સર્વજ્ઞની વીતરાગી વાણીરૂપ જિનાગમ! તે ચૈતન્યના આનંદસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે, ને સંસારથી નિવૃત્તિ કરીને આત્માને મોક્ષની આરાધના કરાવે છે. –આવા જિનાગમ જયવંત હો.

આવા જિનાગમ અને તેનાથી થયેલું સ્વસંવેદન જયવંત વર્તે છે.

અહો, ભરતક્ષેત્રમાં બાર–બાર વર્ષોના ભયંકર દુષ્કાળ પડવા છતાં, આવા વીતરાગી અમૃતથી ભરેલા જિનાગમ તો જયવંત રહી ગયા, તે ભવ્ય જીવોના મહાન ભાગ્ય છે.

આ મનુષ્યક્ષેત્રમાં, મહાવિદેહક્ષેત્રમાં સીમંધરનાથ પરમાત્મા તીર્થંકરપણે અત્યારે બિરાજી રહ્યા છે. મહાવીર પરમાત્મા ૨૫૦૦ વર્ષ પહેલાં મોક્ષ પધાર્યા. તે અત્યારે **'णमो सिद्धाणं'** એવા સિદ્ધપદમાં બિરાજે છે; તેમણે જે ઉપદેશ આપેલો તેની પરંપરા અત્યારે ચાલી રહી છે. તેમજ વિદેહમાં બિરાજમાન તીર્થંકરપરમાત્મા સીમંધરપ્રભુ જે ઉપદેશ સમવસરણમાં આપી રહ્યા છે તે કુંદકુંદાચાર્યદેવે સાક્ષાત્ ઝીલ્યો હતો. તે જિનોપદેશને પ્રવચન કહેવાય છે, તે પ્રવચનનો સાર આચાર્યદેવે આ પરમાગમોમાં ભર્યો છે. પોતાના સ્વાનુભવના વૈભવપૂર્વક આ શાસ્ત્રો રચ્યા છે, તે આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવીને,

અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ કરાવે છે. આવું મહાન પરમાગમ આજે પ્રવચનમાં શરૂ થાય છે.

## પ્રથમ મંગળરૂપે અમૃતચંદ્રાચાર્ય ઉત્કૃષ્ટ જ્ઞાનાનંદ-સ્વરૂપ આત્માને નમસ્કાર કરે છે:
## ( કળશ: ૧ )

જે સર્વવ્યાપી એટલે કે સર્વ પદાર્થને જાણનાર એવા ચૈતન્યસ્વરૂપ છે, જે આત્માની સ્વાનુભૂતિવડે પ્રસિદ્ધ છે અને જે જ્ઞાન–આનંદસ્વરૂપ છે એવા ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર હો.

જ્ઞાન ને આનંદસ્વરૂપ આત્માની પ્રસિદ્ધિ સ્વાનુભવ વડે જ થાય છે, તેને માટે બીજો ઉપાય નથી. તે અનુભવ માટે તેનું સ્વરૂપ લક્ષગત કરીને, તેના રસપૂર્વક વારંવાર અંદર તેનું ઘોલન કરવું જોઈએ. ચૈતન્યસન્મુખના ભાવ વડે તેનો અનુભવ થાય છે ને જ્ઞાન–આનંદનો સ્વાદ આવે છે; આવો ભગવાનનો માર્ગ છે. આ સિવાય રાગ વડે કે કોઈ પરની સન્મુખતા વડે આત્માના જ્ઞાન–આનંદ પ્રગટતા નથી.–એટલે તે ભગવાનનો માર્ગ નથી.

ભગવાનનો મારગ આખી દુનિયાથી ભલે જુદો, પણ પંચ પરમેષ્ઠી ભગવંતો સાથે મેળવાળો છે. જેમાં સ્વસન્મુખ આનંદનું વેદન થાય એવો જિન ભગવાનનો માર્ગ છે તે અપૂર્વ પાત્રતાથી પ્રાપ્ત થાય છે.

અહો, આત્માની અનુભવદશા, તે કેવળજ્ઞાનની લક્ષ્મીનો લાભ કરાવનાર છે. જગતની જડ લક્ષ્મીના ઢગલાની જેની પાસે કોઈ જ કિંમત નથી, એવી કેવળજ્ઞાન–લક્ષ્મીનો દિવ્ય–અદ્ભુત આનંદવૈભવ આત્માના અનુભવથી જ મળે છે.–બીજા કોઈ કારણની ( પુણ્યની કે સંયોગની ) અપેક્ષા તેમાં નથી, એકલા પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને જ અવલંબીને કેવળજ્ઞાન ને મહાઆનંદ પ્રગટે છે, આવો આત્માનો સ્વભાવ જ છે; આવા ઉત્કૃષ્ટ જ્ઞાન–આનંદસ્વરૂપની પ્રસિદ્ધિને માટે, તે ઉત્કૃષ્ટ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને નમસ્કાર કર્યા છે. આવું અપૂર્વ મંગળ કરીને, પરમાનંદરૂપી સુધારસના પિપાસુ જીવોને માટે આ પરમાગમની ટીકા દ્વારા આત્મતત્ત્વ પ્રગટ કરવામાં આવે છે,–આત્મતત્ત્વની અનુભૂતિ વડે ભવ્ય જીવો નિર્વિકલ્પરસનું પાન કરીને પિપાસા મટાડે છે, ને આનંદરસથી તૃપ્ત થાય છે.

રાગનો અનુભવ તો જીવે અનંતકાળ કર્યો પણ તેની પિપાસા મટી નહિ. જેને

આનંદની પિપાસા છે, જેને ચૈતન્યનો શાંતરસ પીવા માટે એકદમ તરસ લાગી છે, એવા જીવોને માટે આ પ્રવચનસાર દ્વારા આચાર્યદેવે વીતરાગી શાંતરસની પરબ માંડી છે.– આવો રે જીવો, આવો ! આત્મતત્ત્વનું શુદ્ધસ્વરૂપ જાણીને નિર્વિકલ્પ આનંદરસને પીઓ...

જે જ્ઞાન સામાન્યસ્વરૂપ છે તે જ જ્ઞાન વિશેષસ્વરૂપ છે,–સામાન્ય વિશેષ બંનેમાં વ્યાપેલું આવું અનેકાંતમય જ્ઞાન જયવંત વર્તે છે; ને આવું અનેકાન્તમય જ્ઞાન રાગથી જુદું પરિણમતું થકું મોહને જીતી લ્યે છે...ને આત્માને મહાન આનંદ પમાડે છે. બીજા મંગળ શ્લોકમાં અનેકાન્તમય જ્ઞાનની સ્તુતિ કરતાં કહે છે કે અનેકાન્તમય જ્ઞાન આત્માના સત્યસ્વરૂપને પ્રકાશીને, મોહઅંધકારને નષ્ટ કરે છે; આવું અનેકાન્તમય ચૈતન્યતેજ જયવંત વર્તે છે.

ત્યારપછી ત્રીજા શ્લોકમાં કહે છે કે પરમ આનંદના પિપાસુ ભવ્ય જીવોને ચૈતન્યરસનું અતીન્દ્રિય અમૃત પીવડાવવા માટે આ પરમાગમની ટીકા રચાય છે આત્માના પરમ આનંદની જેને પિપાસા છે, સંસારસંબંધી કોઈ અભિલાષા જેને નથી, માત્ર આત્માની શાંતિની જ ચાહના છે, એવા આનંદપિપાસુ જીવોને માટે આ પ્રવચનસાર પરમાગમની રચના થાય છે; તેના દ્વારા શુદ્ધાત્મતત્ત્વનું જ્ઞાન કરીને ભવ્યજીવો ખોબેખોબા ભરીને અતીન્દ્રિય આનંદને પીજો. આત્માનો પરમઆનંદ પીવડાવનારું આ પરમાગમ છે. સંતોએ અતીન્દ્રિય અનુભૂતિમાં જે ચૈતન્યરસ ચાખ્યો તે આ પરમાગમદ્વારા ભવ્ય જીવોને પીવડાવે છે. જગતની જેને દરકાર નથી, સંસારનું કોઈ પદ જેને જોઈતું નથી, ચૈતન્યનું આનંદપદ જ જેને જોઈએ છે,–એક આત્માર્થનું જ જેને કામ છે–એવા જીવોનું હિત વિચારીને આ પરમાગમ દ્વારા તત્ત્વનું સ્વરૂપ પ્રગટ કરવામાં આવ્યું છે,–કે જે તત્ત્વોને જાણતાં આનંદમય પ્રશમરસ વેદનમાં આવે છે.

## શિક્ષણવર્ગ અને પર્યુષણપર્વ

* સોનગઢમાં જૈનદર્શન શિક્ષણવર્ગ: તા. ૨૭–૮–૭૪ થી શરૂ કરીને તા. ૧૫–૯–૭૪ સુધી વીસ દિવસ ચાલશે. શિક્ષણવર્ગમાં મોક્ષમાર્ગપ્રકાશક અધ્યાય ૭, પ્રશ્નોત્તરમાળા ભાગ–૨ તથા દ્રવ્યસંગ્રહ ચાલશે; જેમની પાસે તે પુસ્તકો હોય તેમણે જરૂર સાથે લાવવા સૂચના છે.
* દસલક્ષણી–પર્યુષણપર્વ દ્વિ. ભાદ્ર સુદ પાંચમથી શરૂ કરીને ચૌદસ સુધી ( તા. ૨૦–૯–૭૪ થી ૩૦–૯–૭૪ સુધી ) ઉજવાશે.

# શ્રાવકનાં આચાર

જૈન સદ્‌ગૃહસ્થ શ્રાવકનું જીવન કેવા સુંદર ધાર્મિક આચારથી શોભતું હોય છે-તેનું આ વર્ણન છે. તેમાં મૂળ કર્તવ્યરૂપ સમ્યક્‌ત્વનો મહિમા, તથા તેને માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપની ઓળખાણ કેવી હોય તે ગતાંકમાં બતાવ્યું. હવે તે સમ્યગ્દર્શન ઉપરાંત અહિંસાદિ વ્રતો કેવાં હોય છે તે આપ અહીં વાંચશો. શ્રી સકલકીર્તિરચિત શ્રાવકાચાર (અધ્યાય ૧૨) માંથી આ સંક્ષિપ્ત દોહન આપવામાં આવ્યું છે. (-સં.)

શ્રાવકનાં ૧૧ સ્થાનોમાં પ્રથમ દર્શનપ્રતિમા છે. સમ્યક્‌ત્વસહિત જેને આઠ મૂળગુણોનું ધારણ છે અને સાત વ્યસનોનો ત્યાગ છે, તેને જિનદેવે દર્શનપ્રતિમાયુક્ત દાર્શનિક શ્રાવક કહ્યો છે.

માંસ–મધ–દારૂ તથા પાંચ ઉદમ્બર ફળોનો નિરતિચાર ત્યાગ તે અષ્ટ મૂળગુણ છે. (ઈંડા તે પણ પંચેન્દ્રિયનું માંસ જ છે.)

માંસને છોડયા વગર જે ધર્મ વાંછે છે તે મૂર્ખ જીવ આંખ વગર નાટક જોવા ચાહનારા અંધ જેવો છે. રોગાદિ દૂર કરવાના હેતુથી પણ જે મધનો ઉપયોગ કરે છે તે જીવ મહાપાપથી નરકાદિ દુર્ગતિમાં જાય છે.

પ્રાણોનો ત્યાગ થઈ જાય તો ભલે થઈ જાય પરંતુ ગમે તેવા દુષ્કાળ વગેરેમાં પણ, અસંખ્ય ત્રસજીવથી ભરેલા એવા પંચઉદમ્બર ફળો વગેરેનું ભક્ષણ કરવું ઉચિત નથી. હે મિત્ર! ધર્મની પ્રાપ્તિ માટે તું તે બધાનો ત્યાગ કર.

આઠ મૂળગુણ, તે બાર વ્રતોનું મૂળ કારણ છે, અને બાર વ્રતોની પહેલાં તે ધારણ કરવામાં આવે છે, તેથી તેને શ્રાવકનાં મૂળગુણ કહેવામાં આવ્યાં છે. તે સ્વર્ગાદિનું કારણ છે.

દ્યુતક્રીડા, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી, પરસ્ત્રી–એ સાતેનું સેવન મહાપાપરૂપ છે, ને સાત નરકનું તે દ્વાર છે; માટે તે સાતે પાપ–વ્યસનોને હે ભ્રાત! તું સર્વથા છોડ.

પાપ–રાજાએ પોતાનું રાજ્ય દ્રઢ કરવા માટે, અને પોતાના ધર્મશત્રુનો નાશ કરવા માટે આ સાત વ્યસનરૂપી સેના રાખી છે, ( પણ હે મુમુક્ષુ ! તું તેને વશ થઈશ મા. તારા સમ્યક્ત્વ અને જ્ઞાન–વૈરાગ્યના બળે તેનો મૂળમાંથી નાશ કરી નાંખજે. સમ્યક્ત્વરૂપી તારું સુદર્શનચક્ર, અને આઠ અંગરૂપી તારું સૈન્ય, તેના વડે સપ્ત વ્યસનની સેનાને નષ્ટ કરીને અષ્ટગુણને ધારણ કરજે. )

સર્વે જીવો પ્રત્યે દયારૂપ અહિંસા, તેને ગણધરદેવે વ્રતની જનની કહી છે. પાંચે વ્રતો અહિંસા–માતાના જ પુત્રો છે.

અહિંસા–માતા, માતાની જેમ સર્વે જીવોનું હિત કરનારી છે; તથા તે ગુણોની જન્મભૂમિ છે, સુખની કરનારી છે, ને સારભૂત સર્વે ગુણોની દાતાર છે; તે સુખની નિધાન ને રત્નત્રયની ખાણ છે, સદ્ધર્મરૂપી બગીચો ખીલવીને તેના ઉપર સ્વર્ગ–મોક્ષ ફળ પાકવા માટે તથા દુઃખદાહ દૂર કરીને શીતળશાંતિની છાયા આપવા માટે, આ અહિંસાને ભગવાને ઉત્તમ મેઘવર્ષા સમાન કહી છે. મુક્તિની સખી એવી આ અહિંસાને મુનિવરો પણ સેવે છે.

મુનિનાં કે શ્રાવકનાં બધાં વ્રતો આ એક ‘અહિંસાધર્મની સિદ્ધિ’ માટે જ કહેવામાં આવ્યાં છે. અહિંસાનું પાલન કરનારને બધાં વ્રતો સહજપણે પળાય છે. એના વગરનાં તપ–વ્રત વગેરે બધાય એકડા વગરના શૂન્યની જેમ નિષ્ફળ છે.

અરેરે ! દયા વગરનું જીવતર તે શા કામનું ?

અહિંસારૂપ વીતરાગભાવ તે જ સિદ્ધાંતનું સર્વસ્વ છે, તે જ ચારિત્રના પ્રાણ છે, અને એ જ ધર્મવૃક્ષનું મૂળ છે.

કદાચિત્ સર્પના મુખમાં અમૃત પાકે, ને રાત્રે સૂરજ ઊગે, પણ હિંસા વડે તો ધર્મ કદાપિ થાય નહીં.

હે શ્રાવકોત્તમ ! અહિંસાવ્રતના પાલન માટે, તત્કાળનું ગળેલું પાણી જ વાપરવું જોઈએ. સડેલું ( ડંખવાળું ) અનાજ કે સડેલાં ફળ વાપરવાં ન જોઈએ. શત્રુને, કૂતરાં વગેરે પશુને કે બાળક વગેરેને હાથથી કે લાકડી વગેરેથી મારવા ન જોઈએ,–કેમ કે એ તો રાક્ષસનું કામ છે. મુખથી પણ ‘હું તને મારી નાંખુ’ ઇત્યાદિ હિંસાનાં વચન બોલવા ન જોઈએ. પોતાની બધી પ્રવૃત્તિ જીવરક્ષાના પ્રયત્નપૂર્વક સાવધાનીથી કરવી જોઈએ,–જેથી પોતાના પરિણામમાં કષાયની ઉત્પત્તિ ન થાય, ને વ્રતને યોગ્ય શુદ્ધ–અકષાય પરિણામ ટકી રહે.

અરે જીવ! તને એક તણખલાનાં કર્કશ સ્પર્શ વડે પણ દુઃખ લાગે છે, તો બીજા જીવો ઉપર તું શસ્ત્ર કઈ રીતે ચલાવે છે?–શું તું નિર્દયી છો! અરે, નિર્દયરૂપ હિંસાને તો જગતના બધા વિદ્વાનોએ સદાય નિંદી છે, કેમ કે તે નરકનું કારણ છે ને દુઃખની દેનાર છે. એવી પાપમય હિંસાને છોડ...ને જીવો ઉપર દયા કર...અકષાયભાવ કર.

હે પ્રભો! અહિંસાવ્રતના પાલનમાં કોણ પ્રસિદ્ધ છે? અને તેને શું ઉત્તમ ફળ મળ્યું? તેની કથા કહો!

સાંભળ, હે વત્સ! અહિંસાવ્રતના પાલનમાં યમપાલ–ચંડાળની કથા પ્રસિદ્ધ છે.

પોદનપુરનગરમાં મહાચલ રાજા; તેને બલનામનો પુત્ર; તે રાજકુમાર દુષ્ટ–પાપી–માંસભક્ષી હતો. તે રાજ્યમાં યમપાલ–ચંડાળ ગુન્હેગાર જીવોને ફાંસી દેવાનું કામ કરતો હતો.

હવે એકવાર નંદીશ્વર–અષ્ટાહ્નિકાના પવિત્ર દિવસોમાં રાજાએ આજ્ઞા કરી કે આઠ દિવસ મહામંગળ દિવસો છે, તેમાં સૌએ ધર્મની યથાશક્તિ આરાધના કરવી; અને આ આઠ દિવસ દરમ્યાન કોઈએ જીવોને હિંસા કરવી નહીં.

–આમ છતાં રાજાની આજ્ઞાનો ભંગ કરીને, તે પાપી રાજકુમારે રાજાના ઘેટાને મારીને તેનું માંસ ખાધું.–પરંતુ માળી તે દેખી ગયો, અને તેણે રાજાને તે વાત કરી. આથી રાજા ગુસ્સે થયો, ને આવી જીવહિંસા કરનાર, તથા રાજ્યની આજ્ઞાનો ભંગ કરનાર રાજકુમારને ફાંસી દેવાનો હુકમ કરી દીધો. રાજપુત્રને ફાંસી દેવાનું કામ યમપાલ–ચંડાલને સોંપવામાં આવ્યું.

**તે દિવસે ચૌદસ હતી.**

હવે,–રાજકુમારને ફાંસી દેવા માટે સિપાઈઓ યમપાલને તેડવા આવ્યા. રાજકુમારને ફાંસી દેવાથી તેના શરીર ઉપરના કિંમતી આભૂષણો તથા વસ્ત્રો યમપાલને મળશે, ને તે ઘણો ખુશી થશે–એમ સમજીને સિપાઈઓએ તેના ઘરે જઇને સાદ પાડયો.

દૂરથી આ વાત દેખીને, યમપાલ તો ઘરમાં સંતાઈ ગયો; ને સ્ત્રીને કહી રાખ્યું કે રાજાના માણસો તેડવા આવે તો કહેજે કે હું ઘરે નથી, બહારગામ ગયો છું. (વાંચક! યમપાલ સંતાઈ કેમ ગયો!–શું તે સિપાઈઓથી ડરતો હતો? ના; તેનું સંતાઈ જવાનું કારણ બીજું જ હતું. એ વાતની હમણાં ખબર પડશે.)

સિપાઈઓ આવ્યા, ને યમપાલને સાદ પાડયો.

તેની સ્ત્રીએ જવાબ આપ્યો કે તે તો બહારગામ ગયા છે, ઘરે નથી.

સિપાઈએ કપાળ કૂટીને કહ્યું:–અરેરે! પુણ્યહીન યમપાલ આજે જ બહારગામ ચાલ્યો ગયો. જો તે હાજર હોત તો રાજકુમારને મારવાથી તેને કેટલા બધા સોનાના ને હીરા–રત્નોનાં આભૂષણ મળત! હવે તો તે બીજું કોઈ લઈ જશે!

સિપાઈઓની વાત સાંભળતાં ચંડાલણી–સ્ત્રીને તે આભૂષણનો લોભ લાગ્યો; તેનાથી રહેવાયું નહીં, એટલે તેણે હાથનો ઈશારો કરીને, યમપાલ ઘરમાં જ સંતાયો છે –એમ સિપાઈઓને બતાવી દીધું.

સિપાઈઓએ ગુસ્સે થઈને યમપાલને પકડયો ને બળાત્કારથી તેને વધસ્થાને લઈ ગયા. ત્યાં રાજકુમારને તેને સોંપીને કહ્યું કે તું આને માર, અને તેના દાગીના લઈ જા.

યમપાલે કહ્યું કે હું તેને નહીં મારું.

અણઘડ સિપાઈઓ યમપાલના ભાવને સમજી શક્યા નહીં, ને તેને ધમકાવીને કહ્યું કે આ રાજકુમાર ગુન્હેગાર છે, ને રાજાની આજ્ઞા છે માટે તું તેને માર. જો રાજાનો હુકમ નહીં માને તો તું પણ ભેગો મરીશ.

યમપાલે નિર્ભયપણે ઉત્તર દીધો કે ગમે તેમ થાય, પણ આજે મારાથી રાજકુમારને મારી શકાશે નહીં.

આથી સિપાઈઓ તે યમપાલને પકડીને રાજા પાસે લઈ ગયા અને કહ્યું કે–મહારાજ! આ ચંડાળ રાજકુમારને આપનો પુત્ર સમજીને મારતો નથી, અને રાજઆજ્ઞાનો ભંગ કરે છે!

રાજાએ તેને પૂછ્યું કે તું કેમ રાજપુત્રને મારતો નથી? મારી આજ્ઞા છે, અને તારો તો આ ફાંસી દેવાનો ધંધો છે; વળી ફાંસી દેવાથી તેના લાખોની કિંમતના દાગીનાનો તને લાભ થવાનો છે–છતાં તું આજે કેમ ના પાડે છે?

ચંડાળે વિનયથી કહ્યું કે–મહારાજ! મારી વાત સાંભળો! આજે ચૌદસ છે; અને ચૌદસના દિવસે કોઈપણ જીવનો ઘાત ન કરવો–એવી મારે પ્રતિજ્ઞા છે. પ્રાણ જતાં પણ હું મારી પ્રતિજ્ઞાનું પાલન કરીશ; એટલે આજે હું કોઈ જીવનો ઘાત કરીશ નહીં. ને તેમાં વળી અત્યારે તો નંદીશ્વરની અષ્ટાહ્નિકાપર્વના મહાન દિવસો છે, તેમાં હું હિંસાનું પાપ કેમ કરું?

હવે રાજાને કુતૂહલ જાગ્યું; તેણે પૂછ્યું કે હે ભાઈ! ચૌદસને દિવસે કોઈ જીવને ન મારવાની પ્રતિજ્ઞા તેં શા કારણે લીધી?–ક્યારે લીધી?

ત્યારે યમપાલે કહ્યું–મહારાજ! મારી એક નાની કથા સાંભળો! એકવાર મને ભયંકર સર્પ કરડયો હતો ને તેના ઝેરથી હું મુર્છિત થઈ ગયો હતો; ત્યારે મારા ભાઈ–બંધુ વગેરે કુટુંબીજનોએ તો મને મરેલો સમજીને મસાણમાં ફેંકી દીધો હતો. પરંતુ દૈવયોગે ત્યાં સર્વૌષધિ–ઋદ્ધિના ધારક એક જૈન–મુનિરાજ પધાર્યા, અને તેમના શરીરને સ્પર્શાઈને આવેલી હવા મારા શરીરને લાગતાં જ, શુભકર્મના ઉદયથી મારી મુર્છા દૂર થઈ ગઈ, મારું ઝેર ઊતરી ગયું ને હું જીવતો રહ્યો. અહા, એ મુનિરાજની વીતરાગતાની ને તેમના પ્રભાવની શી વાત! બસ! ત્યારથી એ પરમ ઉપકારી મુનિરાજ પાસે મેં વ્રત લીધું કે ચૌદસના દિવસે હું કોઈપણ જીવની હિંસા નહીં કરું. માટે હે રાજન્! આ પર્વના દિવસોમાં મારા સર્વ પાપોને શાંત કરવા, હું કોઈ પણ જીવને હણીશ નહીં. હવે આપને યોગ્ય લાગે તેમ કરો. (અહીં, આ પ્રકારના આંશિક અહિંસાના પાલનમાં પણ યમપાલને જે શ્રદ્ધા હતી તેટલા પૂરતું તેનું ઉદાહરણ લેવાનું છે. અને તે શ્રદ્ધામાં દ્રઢતાને લીધે તે પૂર્ણ અહિંસા તરફ આગળ વધી શક્યો, તેથી શાસ્ત્રોએ તેનું ઉદાહરણ લીધું છે. અહિંસાનો એક અંશ પણ જેને સારો લાગ્યો, ને પ્રાણાન્તે પણ તેનું પાલન જેણે ન છોડયું, તેને અવ્યક્તપણે પૂર્ણ અહિંસારૂપ વીતરાગભાવ સારો લાગ્યો, ને તેની શ્રદ્ધાનાં બીજ રોપાણાં.)

આ પ્રમાણે યમપાલે પોતાના વ્રતની વાત કરી; પણ રાજાને યમપાલની વાત ઉપર વિશ્વાસ ન બેઠો, તેને એમ થયું કે આવું ઉત્તમ અહિંસા–વ્રત આ અસ્પૃશ્ય ચાંડાળને ક્યાંથી હોય? આમ વિચારીને તેણે કોટવાલને હુકમ કર્યો કે આ રાજકુમાર તથા આ ચંડાળ–બંને દુષ્ટ છે, તે બંનેને દોરડાથી બાંધીને, મગરમચ્છથી ભરેલા ભયંકર સરોવરમાં ફેંકી દો.

–રાજાની આવી આજ્ઞા સાંભળીને પણ યમપાલ પોતાના વ્રતમાં દ્રઢ રહ્યો કે પ્રાણ જાય તો ભલે જાય પણ વ્રતનો ભંગ હું નહીં કરું.–આમ મરણનો ભય છોડીને નિર્ભય સિંહની જેમ તે વ્રતમાં દ્રઢ રહ્યો, ને ઉત્તમ ભાવના ભાવવા લાગ્યો...વીતરાગી અહિંસા તરફ તેના પરિણામ ઉલ્લસવા લાગ્યા.

આ તરફ કોટવાલે રાજાની આજ્ઞા મુજબ બંનેને બાંધીને સરોવરમાં ફેંકયા. પાપી રાજપુત્રને તો મગર ખાઈ ગયા. પણ, યમપાલ–ચંડાલના વ્રતના માહાત્મ્યથી પ્રભાવિત થઈને એક દેવીએ સરોવર વચ્ચે રત્નસિંહાસન રચીને યમપાલને તેના ઉપર બેસાડયો, અને વાજાં વગાડીને તેના વ્રતની પ્રશંસા કરી. આવો દૈવી પ્રભાવ દેખીને રાજા ભયભીત થયો, ને પ્રભાવિત થઈને તેણે યમપાલની પ્રશંસા કરીને તેનું સન્માન કર્યું. આ રીતે

વ્રતના પ્રભાવથી યમપાલ જેવો ચાંડાલ પણ દેવ અને રાજાથી સન્માનિત થઈને સ્વર્ગમાં ગયો. શાસ્ત્રકાર કહે છે કે અહિંસાના એક અંશના પાલનથી પણ ચંડાળ જેવો જીવ આવું ફળ પામ્યો, તો સંપૂર્ણ વીતરાગભાવરૂપ શ્રેષ્ઠ અહિંસાના પાલનથી જે ઉત્તમ ફળ મળે–તેનો મહિમા કોણ કહી શકે? આમ જાણીને હે ભવ્ય જીવો! તમે અહિંસાવ્રતનું પાલન કરો. (હિંસાને માટે દૃષ્ટ ધનશ્રીની કથા પ્રસિદ્ધ છે કે જેણે વિષયવાસનાવશ પોતાના પુત્રની જ હિંસા કરાવી, ને પાપથી દુર્ગતિ પામી.)

## ❁ (શ્રાવકનાં સત્ય-વ્રતનું વર્ણન: શ્રાવકાચાર અધ્યાય: ૧૩) ❁

સત્પુરૂષોએ સત્યવગેરે વ્રતોનું વર્ણન અહિંસા વ્રતની રક્ષાને માટે કર્યું છે; તેથી સર્વે જીવોનું હિત કરનાર અને શ્રેષ્ઠ વ્રતની સિદ્ધિનું કારણ એવું ઉત્તમ સત્યવ્રત કહેવામાં આવે છે. જે ધર્માત્મા–શ્રાવક સ્થૂલ અસત્ય બોલતા નથી, બોલાવતા નથી કે બોલતાને અનુમોદતા નથી, તેમને સત્ય–અણુવ્રત હોય છે.

સત્‌ને જાણનારા એવા બુધજન ગૃહસ્થોએ, સર્વેનું હિત કરનાર, મર્યાદિત અને મધુર વચન કહેવા જોઈએ, કોઈની નિંદા કરવી ન જોઈએ અને સર્વે જીવોને સુખ દેનારી ભાષા બોલવી જોઈએ.

હે ભવ્ય! સદાય તું એવા જ વચન બોલ કે જેનાથી પોતાના આત્માનું કલ્યાણ થાય, જે ધર્મનું કારણ હોય, યશ દેનાર હોય અને સર્વથા પાપ વગરનાં હોય.

વળી બુધજનોએ બીજા જીવોનું પણ હિત કરનારાં, રાગ–દ્વેષ વગરનાં, અને ધર્મ તથા મોક્ષમાર્ગનો ઉત્સાહ વધારનારાં વચનો જ સદા કહેવા જોઈએ.

જ્ઞાનીજનો સદાય જિનાગમ–અનુસાર, અનિંદ્ય–સુંદર પ્રસંશનીય, વિકથાદિકથી રહિત અને ધર્મોપદેશથી ભરેલાં જ વચન બોલે છે.

શ્રાવક દ્વારા બીજાના હિતને માટે કદાચિત કઠણ વચન પણ કહેવામાં આવે, અથવા બીજા જીવની રક્ષા માટે કે હિત માટે (પણ કોઈનું અહિત ન થાય એ રીતે) કથંચિત્ અસત્ય પણ કહેવામાં આવે તો તે પણ (તેમાં અહિંસાનો જ અભિપ્રાય હોવાથી) સત્ય ગણવામાં આવ્યું છે. અને, જે બીજાને દુઃખ દેનાર હોય, સાંભળતાં ભય કે દુઃખ

ઉત્પન્ન કરનારાં હોય, જીવોના વધનું કે બંધનનું કારણ હોય, એવા સત્ય વચનને પણ વિદ્વાનો અસત્ય જ ગણે છે.

સત્ય છે તે અમૃત સમાન છે; તેનાથી જીવોને ધર્મની પ્રાપ્તિ થાય છે. અહા, આ જગતમાં સર્વે જીવોને સુખ દેનારાં, બધાયનું ભલું કરનારાં અને પ્રસંશનીય એવાં સત્યવચનરૂપી અમૃત વિદ્યમાન છે–તો પછી ભલા એવો તે કોણ બુદ્ધિમાન હોય કે જે જૂઠા, કડવા અને નિંદ્યવચન બોલે?

હે મિત્ર! પ્રાણ જવાનો પ્રસંગ આવી પડે તોપણ તું એવા નિંદ્ય, ધર્મવિરૂદ્ધ વચન બોલીશ નહિ. જે વચન કર્કશ કઠોર ને ખરાબ હોય, જે પાપનાં ઉપદેશથી ભરેલાં હોય, ને ધર્મથી રહિત હોય, જે ક્રોધ ઉપજાવનારાં હોય કે બીજાની નિંદા કરનારાં હોય, જે જીવોને ભય ઉપજાવનારાં હોય, જે વિષય–કષાયનાં પોષક હોય, જે દેવ–ગુરુ–ધર્મમાં દોષ લગાડનારાં હોય, જે શાસ્ત્રવિરૂદ્ધ હોય, ધર્મવિરૂદ્ધ હોય કે દેશવિરૂદ્ધ હોય, જે નીચ લોકો દ્વારા જ બોલાય તેવાં હોય,–ઇત્યાદિ સર્વ પ્રકારનાં અસત્ય વચનોને હે મિત્ર! તું સર્વથા છોડજે; મરણ આવે તો પણ એવા નિંદ્ય–અસત્ય વચન ઉચ્ચારીશ નહીં.

મિથ્યામાર્ગનો ઉપદેશ તે અનેક જીવોનું અહિત કરનાર મહાન અસત્ય છે. દુષ્ટ જીવોએ અસત્ય વચનો વડે કુશાસ્ત્ર રચીને લોકોને હિંસક, અને ધર્મથી વિમુખ કરી દીધાં છે, કુશાસ્ત્ર રચનારા જીવોએ અસત્યમાર્ગની પુષ્ટિ વડે, સ્વ–પરનું અહિત કર્યું છે. અસત્ય વચનના પ્રભાવથી જ જિનશાસનમાં તેમજ અન્યમાં અનેક મતાંતર ઉત્પન્ન થયા છે. જિનશાસનઅનુસાર સત્યમાર્ગનો ઉપદેશ–તેના જેવું મહાન સત્ય બીજું કોઈ નથી; તે સ્વ–પર સમસ્ત જીવોનું હિત કરનાર છે, અને અહિંસાદિનું પોષક છે. માટે હે ભવ્યજીવ! આવા સત્ય જિનમાર્ગને જાણીને તું તેને આદર; ને જિનમાર્ગ અનુસાર સત્ય જ બોલ.

નીચ માણસના મોઢારૂપી જે બખોલ, તેમાં સર્પિણી જેવી જીભ રહે છે, તે અસત્યરૂપી હળાહળ ઝેર વડે અનેક જીવોને ખાઈ જાય છે (–જીવોનું બૂરું કરે છે). અરેરે! વિષ્ટા ખાઈ લેવી સારી પણ પોતાની જીભથી હિંસા કરનારા, મિથ્યામાર્ગનાં પોષક કે પાપ અને દુઃખ ઉત્પન્ન કરનારાં અસત્ય વચન કદી પણ બોલવા સારાં નથી. માટે હે મિત્ર! ઝેર જેવા આ અસત્યને તું શીઘ્ર છોડી દે. અસત્ય વચનરૂપી પાપના ફળમાં જીવો મૂંગા–બહેરા થાય છે, અને સત્યના સેવનથી જ્ઞાન–વિદ્યા વગેરે વધે છે.

**[સત્યવ્રતના પાલનમાં ધનદેવની કથા પ્રસિદ્ધ છે; અને અસત્યસેવનમાં શ્રીભૂતિ તથા વસુરાજાની કથા પ્રસિદ્ધ છે.]**

# અચૌર્યવ્રતનું વર્ણન: અધ્યાય-૧૪

જેઓ પોતે અનંત ગુણના સાગર છે ને અનંત ગુણના પ્રદાતા છે એવા શ્રી અનંત–જિનને, અનંતગુણની પ્રાપ્તિ અર્થે નમસ્કાર કરીને, અહિંસાવ્રતની રક્ષાના હેતુરૂપ અચૌર્યવ્રત કહીએ છીએ.

હે ભવ્ય! દીધા વગર અન્યના ધન–ધાન્ય વગેરેનું ગ્રહણ ન કરવું તે અચોરી છે; વગર દીધેલા અન્યના ધનને લેવાની વૃત્તિ તું દૂરથી જ છોડ; કેમ કે, સર્પને પકડવો તો ભલો છે પણ બીજાનું ધન લઈ લેવું તે ઠીક નથી; ભીખ માંગીને પેટ ભરવું સારૂં પણ અન્યનું દ્રવ્ય ચોરીને ઘી–સાકર ખાવા તે સારૂં નથી. ચોરીનું પાપ કરનારા જીવનું મન કયાંય સ્વસ્થ રહી શકતું નથી...અરેરે, ચોરને તો શાંતિ ક્યાંથી હોય? તેનું ચિત્ત સદા શંકાશીલ રહે છે.

ત્રણલોકની ઉત્તમ લક્ષ્મી પુણ્યવાનના ઘરે નીતિમાર્ગથી જ આવે છે. (ચક્રવર્તી વગેરે વિભૂતિ કાંઈ ચોરી કરીને કોઈને નથી આવતી, એ તો પુણ્યવંત જીવોને નીતિમાર્ગથી સહેજે પ્રાપ્ત થાય છે.) ધનના લોભથી સદોષ (અભક્ષ્ય વગેરેનો) વ્યાપાર કરવો પણ ઉચિત નથી. ધનનો નાશ થતાં સંસારી જીવોને મરણ જેવું દુઃખ થાય છે; ધન તેમને પ્રાણ જેવું વહાલું છે તેથી જેણે બીજાનું ધન ચોર્યું તેણે તેના પ્રાણ જ ચોર્યા, એટલે તેને જીવહિંસા જ થઈ. માટે હે બુદ્ધિમાન, હિંસા–પાપથી બચવા તું ચોરી પણ છોડ. અરે, એવો તે કોણ બુદ્ધિમાન હોય કે જે થોડાક ધનને માટે ચોરીનું મહાપાપ કરીને નરકાદિ દુર્ગતિમાં ભમે? કુટુંબીજનોના ઉપભોગને માટે પણ જે ચોરીનું પાપ કરે છે તે પણ તે પાપનું ફળ ભોગવવા નરકમાં જવા ટાણે તો એકલો જ જાય છે, જેને માટે ચોરી કરી તે કુટુંબ કાંઈ સાથે જતું નથી. આમ સમજીને હે ભવ્ય! તું વિષસમાન અભક્ષ્યસમાન, પાપ–કલેશ તથા અપયશના કારણરૂપ એવી ચોરીને છોડ...પરધનહરણને છોડ...ને સંતોષપૂર્વક અચૌર્યવ્રતનું પાલન કર. બીજાએ ચોરેલા ધનને પણ તું તારા ઘરમાં ન રાખ. અચૌર્યવ્રતના પાલનમાં વારિષેણ–રાજપુત્ર પ્રસિદ્ધ છે. તેઓ સ્થિતિકરણમાં પણ પ્રસિદ્ધ છે; તેમની કથા 'સમ્યક્ત્વ કથા' માંથી જાણી લેવી. (ચોરીના પાપસેવનમાં એક દંભી–તાપસીની કથા પ્રસિદ્ધ છે.)

[ અનુસંધાન પુષ્ઠ ૪ થી ]

તથા પૂ. બહેનશ્રીબેનની વિશિષ્ટ ગુરુભક્તિ સૌને અતિ પ્રમુદિત કરતાં હતાં.

ત્યાર બાદ આશ્રમના સ્વાધ્યાયભવનમાં સમસ્ત મુમુક્ષુમંડળ પૂ. બહેનશ્રીનાં દર્શન કરવા આવ્યું હતું. આ પ્રસંગે મુમુક્ષુ ભાઈઓએ સર્વપ્રથમ પૂજ્ય બહેનશ્રીને આત્માર્થબોધક કંઈક મંગળ વચનો સંભળાવવા પ્રાર્થના કરી હતી. પૂજ્ય ગુરુદેવની મંગળ વાણીમાં બધું આવી જાય છે–એમ કહીને પૂ. બહેનશ્રીએ જ્ઞાયકની મહત્તા, તેના સિવાય અન્ય સર્વની તુચ્છતા તથા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધનાનો મહિમા વગેરે અસરકારક સચોટ રીતે વ્યક્ત કરતા થોડા આત્મસ્પર્શી શબ્દો ઉચ્ચાર્યા હતા. દર્શનનો આ શુભ પ્રસંગ પણ ભક્તિગીતો તથા જયકારના ગગનચુંબી મધુરા નાદોથી વાતાવરણને ભરી દેતો હતો. પોતાની અનન્ય ધર્મમાતા પ્રત્યે સર્વસ્વાર્પણ–ભાવપ્રેરીત હાવભાવથી વ્યક્ત થતાં બ્રહ્મચારી બહેનોનાં શ્રદ્ધા–ભક્તિ–ઉલ્લાસ ઉત્સવની ધર્મપ્રભાવકતામાં વિશેષ અભિવૃદ્ધિ કરતાં હતાં.

આ શુભોત્સવની ખુશાલીમાં શ્રાવણ વદ બીજના રોજ–પૂ. બહેનશ્રીના મંગલ જન્મદિને–જામનગરનિવાસી શ્રી છબલબેન ફૂલચંદ તંબોળી તરફથી ‘સાધર્મીવાત્સલ્ય’ હતું. આ હીરક જયંતી–મહોત્સવની ખુશાલીમાં આજે શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા તરફથી દરેક વર્ષે પૂજ્ય બહેનશ્રીના જન્મદિને ‘સાધર્મીવાત્સલ્ય’ રાખવાનું હર્ષોલ્લાસ સાથ જાહેર કરવામાં આવ્યું હતું. આ મંગલ મહોત્સવના હર્ષોપલક્ષ્યમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ–સંસ્થા તરફથી આખા ગામમાં ઘર દીઠ પાંચ–પાંચ પેંડાની લહાણી કરવામાં આવી હતી.

રાત્રે મહિલા–મુમુક્ષુસમાજમાં પૂજ્ય બહેનશ્રીનું અધ્યાત્મરસઝરતું આત્મસ્પર્શી વાંચન થયું હતું. ત્યાર બાદ પૂજ્ય બહેન શાન્તાબેનના વાંચન પછી બ્રહ્મચારી બહેનો વગેરે દ્વારા પ્રસ્તુત પ્રસંગદ્યોતક માંગલિક ભક્તિગીતો ઇત્યાદિપૂર્વક આજનો આ આનંદકારી હીરક જન્મજયંતી–મહોત્સવ સાનંદ પૂર્ણતાને પામ્યો હતો.

આ રીતે આત્માર્થી ભક્તજનોને આહ્‌લાદકારી એવો આ મંગલમય હીરક જયંતી–ઉત્સવ સુવર્ણપુરીમાં જયજયકારપૂર્વક ઉજવાઈ ગયો.

## આનંદમય ઝરઝર ઝરતા
# શ્રાવણમાસના મધુરા સરવણાં

જેમ શ્રાવણ માસમાં આકાશમાંથી ઝરઝર ઝરતા મધુર સરવણાં લીલાછમ પાકને એકદમ પુષ્ટ કરે છે...તેમ શ્રાવણમાસમાં જિનવાણીમાંથી ઝરેલા શ્રુતજ્ઞાનના મધુરા આનંદમય ઝરણાં ભવ્યજીવોના અંતરમાં આનંદના પાક પકાવવા માટે પુષ્ટિકારક છે.

ચૈતન્યના શ્રુતજ્ઞાનના ઘોલન જેવી મીઠાસ રાગની કોઈ પણ ક્રિયામાં કદી હોતી નથી. જ્ઞાનરસનું ઘોલન તે જ ચૈતન્યની અનુભૂતિનું કારણ છે...રાગ નહીં. તેથી ગુરુદેવ ખાસ કહે છે કે-હે ભાઈ! ચૈતન્યનું શ્રવણ-મનન કરતાં તેમાં જ્ઞાનરસનું જે ઘોલન થાય છે તેને મુખ્ય કરજે, તે વખતના રાગને મુખ્ય ન કરીશ. એક સાથે રહેલા હોવા છતાં રાગ અને જ્ઞાન-એ બંનેનું કામ તદ્દન જુદું જુદું છે. આવો, શ્રાવણના શ્રુત-સરવણામાં ચૈતન્યના અસંખ્ય પ્રદેશોને ભીંજવીને આનંદિત થાઓ. -સં.

* આનંદસ્વરૂપ આત્મા છે તે તો અંતર્મુખ, ઈંદ્રિયાતીત એવી અતીન્દ્રિય જ્ઞાનપર્યાયનો વિષય છે; અને જેણે આ રીતે આત્માને સ્વવિષય બનાવ્યો તેને બહારના સમસ્ત ઈંદ્રિયવિષયો નીરસ લાગે છે.

* ચૈતન્યના અમૃતરસ પાસે વિષયો તો વિષ જેવા લાગે છે. સર્પાદિકના ઝેર કરતાંય વિષયોનું વિષ વધારે આકરું દુઃખદાયક છે...અરે, ચૈતન્યરસનું અમૃત જેણે ચાખ્યું એને જગતના કોઈ વિષયો લલચાવી શકતા નથી, એમાં ક્યાંય તેને સુખ ભાસતું નથી.

* આત્મરસનો સ્વાદ જ્યાંસુધી નથી ચાખ્યો ત્યાંસુધી જ શુભ–અશુભ વિષયો

અજ્ઞાનથી ઇષ્ટ લાગે છે. જ્ઞાનીને પોતાનો આત્મરસ જ પરમ ઇષ્ટ લાગ્યો છે, એના સિવાય બીજું કાંઈ તેને ઇષ્ટ નથી.

* હે ભાઈ, આત્માના અનુભવ પહેલાં પણ અંતરમાં 'જ્ઞાનના વિચાર વડે' તેને શોધ. જ્ઞાન વડે તેને શોધવાના પ્રયત્ન વડે પણ આત્માનો રસ વધતો જશે ને રાગનો રસ છૂટતો જશે–એ રીતે અંતરમાં શોધતાં તને જરૂર રાગથી ભિન્ન આત્માનો અનુભવ થશે.

* જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યમૂર્તિ આત્મા, કે જે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ એવો વિશ્વનાથ છે, હે જીવ! તેનો તું વિશ્વાસ કર. પોતાના વિશ્વનાથનો વિશ્વાસ કરતાં એની અંદરથી કોઈ અપૂર્વ આનંદની અનુભૂતિ સહિત જે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટે છે તે જ્ઞાન જ મોક્ષનું સાધક છે. વિશ્વનાથના વિશ્વાસ વગરનું બીજું બહારનું ગમે તેટલું જાણપણું હોય તે મોક્ષને સાધવામાં કામ નથી આવતું, એટલે તે તો બધુંય અજ્ઞાન છે.

* આત્મઅનુભવી સંતો જગતને જગાડે છે કે હે જીવો! સંસાર તો તમે જોયો–એ તો જોઈ લીધો,–એમાં કાંઈ જોવા જેવું નથી, પણ અંતરમાં આનંદમય ચૈતન્યતત્ત્વ છે તે જોવા જેવું છે. એકત્વ–વિભક્ત આત્મા, જગતમાં મહા સુંદર છે, તે જોવા જેવો છે.–જેને જોતાં મહાન આનંદ થાય છે, એવા આત્મપ્રભુ તારા અંતરમાં બિરાજે છે. ખરેખરી જોવા જેવી વસ્તુ તો તારો આત્મા છે. તેની સમીપ જઈને–તેમાં તન્મય થઈને જ્યાં સુધી તેને તું જોતો નથી, ને બહારના પદાર્થોને જ જુએ છે ત્યાંસુધી તને સમ્યક્ત્વાદિ સુખ કે મોક્ષનો માર્ગ હાથમાં નહીં આવે. અહા, અંતરમાં બિરાજમાન ચૈતન્યપ્રભુ, તેમાં તન્મય થઈને તેને જોતાં અપૂર્વ આનંદમય મોક્ષમાર્ગ હાથમાં આવે છે, ને જગતના પદાર્થોનું આશ્ચર્ય રહેતું નથી.

* રાગથી ભિન્ન જ્ઞાનનો સ્વાદ જેને અનુભવમાં નથી આવતો, તેને મોક્ષના હેતુરૂપ ધર્મની ખબર નથી; રાગનું વેદન તો દુઃખરૂપ છે, ને તેનું ફળ તો બાહ્યસામગ્રી છે, તેથી શુભરાગને જે ઈચ્છે છે,–તેને સારો માને છે, તે જીવ સંસાર–ભોગને જ ઈચ્છે છે. મોક્ષ તો જ્ઞાનમય છે, તેની આરાધના જ્ઞાનવડે થાય છે. આવા જ્ઞાનનું વેદન કરવું તેનું નામ ઉત્તમ શીલ છે; ને તે શીલ મોક્ષનું કારણ છે. આવું શીલ આત્માને મહાન આનંદદાયક છે; તેમાં પરસંગ નથી, આત્મા પોતાના એકત્વમાં શોભે છે.

* રાગનું વેદન તે કુશીલ છે; તેમાં પરસંગ છે, ને તેનું ફળ દુઃખ છે. અહો, ચૈતન્ય–

સ્વભાવના આશ્રયે રાગવગરનો મોક્ષમાર્ગ શોભે છે. આવા મોક્ષમાર્ગમાં આવેલો જીવ ચૈતન્યસન્મુખ થઈને આનંદનું વેદન કરતો કરતો મોક્ષને સાધે છે. અહો, વીરનો માર્ગ તો નિર્વાણસુખ આપનારો છે.

* હે જીવ! અંતર્મુખ થઈને ચૈતન્યસ્વરૂપની અનુભૂતિ કરતાં તારા આત્મામાં સમ્યકત્વ, અતીન્દ્રિય આનંદ વગેરે અનંતગુણની શાંતિના ઝરણાં ઝરશે. અનાદિકાળનો તારો દુષ્કાળ મટી જશે, ને રત્નત્રયના લીલાછમ અંકુરથી તારા આત્માનો બગીચો ખીલી ઊઠશે.

* અહા, આવું સરસ ચૈતન્યતત્ત્વ, પોતાના જ અંતરમાં બિરાજમાન હોવા છતાં તેને જે નથી દેખતો, તે બહારમાં બીજું ભલે દેખતો હોય તોપણ અંધ છે. ભાઈ, જગતના અસાર બાહ્ય પદાર્થોને તેં જોયા પણ સારભૂત તારા આત્મતત્ત્વને તેં અંતરમાં ન દેખ્યું તો, જ્ઞાની કહે છે કે તું અંધ છો. અરે, આંખવાળા માણસને કોઈ આંધળો કહે તો તે શરમની વાત છે...તેમ તું જ્ઞાનચક્ષુવાળો આત્મા, પોતે પોતાને દેખવામાં આંધળો રહે–એ તો શરમની વાત છે. અરે જીવ! જ્ઞાનને પામીને તું તારા આત્માને જરૂર જાણ.

* અરેરે જીવો! રાગના માર્ગમાં તમને શું મજા આવે છે! રાગના માર્ગમાં ન જાઓ...ન જાઓ. એ માર્ગમાં દુઃખ છે. સુખ તો અંતરના શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં છે...આ ચૈતન્યતત્ત્વ તરફ આવો...ચૈતન્યભાવમાં જે મજા છે તેવી મજા જગતમાં બીજે ક્યાંય નથી.

* ધર્માત્મા જીવની જેટલી પરિણતિ રાગથી વિરક્ત છે તેટલું શીલ છે, ને તે મોક્ષનું કારણ છે. નરકના સંયોગની વચ્ચે રહેલા જીવને પણ જે સમ્યગ્દર્શનાદિ ભાવો છે તે તો વીતરાગી છે, તે વીતરાગી ભાવની શાંતિનાં વેદન પાસે નરકનું દુઃખ પણ ઓછું થઈ જાય છે.

* સમ્યગ્દર્શન પોતે અતીન્દ્રિયભાવ છે; તેના ફળમાં પૂર્ણ અતીન્દ્રિયજ્ઞાન ને સુખરૂપ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. અતીન્દ્રિયભાવની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થઈ જાય છે.

* ધર્મી જાણે છે કે–

મારા ચૈતન્યસ્વરૂપ આત્માના શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ ને શુદ્ધપર્યાય–તે મારું સ્વ છે. મારા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં હું વસનારો છું, તેનો જ હું સ્વામી છું ને તે મારું સ્વ છે. રાગાદિ અશુદ્ધતામાં હું તન્મય નથી, તેનો હું સ્વામી નથી, તે મારું

સ્વ નથી.–આમ ધર્મી શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં તન્મય પોતાને અનુભવે છે. તેની અનુભૂતિમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પણ નથી. આવી આત્મઅનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે આવી અનુભૂતિમાં સમાય છે.

* હે જીવ, અનંતકાળથી સંસારની ચારગતિમાં ભમતાં જેવું સુખ તું ક્યાંય નથી પામ્યો, તેવું અદ્ભુત સુખ ચૈતન્યની અનુભૂતિમાં તને પ્રત્યક્ષ વેદનમાં આવશે, કેમકે આત્મા અદ્ભુત સુખનો નિધાન છે.

* ભાઈ, તું ચૈતન્યસત્તા છો; જેટલા ચૈતન્યપર્યાયો છે તેનાથી ભિન્ન આત્મસત્તા નથી, એક જ સત્ત્વ છે. પર્યાયના ભેદનો વિકલ્પ છૂટી જતાં, પર્યાયો કાંઈ આત્માથી જુદી નથી પડી જતી; અનુભૂતિસ્વરૂપ આત્મામાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ મટીને ત્રણેથી અભેદ એવું જ્ઞાયકસ્વરૂપ પ્રસિદ્ધ થાય છે. ભેદો જેમાં સમાયેલા હોવા છતાં જે અભેદપણે અનુભવાય છે એવું અદ્ભુત અનેકાંતસ્વરૂપ મારું તત્ત્વ છે,–એમ ધર્મીજીવ સ્વતત્ત્વને શુદ્ધદ્રષ્ટિમાં લ્યે છે.

* ઉપસર્ગ પ્રતિકૂળ અને અનુકૂળ બંને પ્રકારનાં હોય છે; જેમ પ્રતિકૂળતા વચ્ચે જ્ઞાનીનું જ્ઞાન ઘેરાતું નથી, તેમ અનુકૂળતા વચ્ચે જ્ઞાનીનું જ્ઞાન લલચાતું નથી. આ રીતે અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં જ્ઞાનીનું જ્ઞાન પોતાના સ્વધ્યેયને વળગી રહે છે ને તેમાં જ બુદ્ધિને પ્રેરે છે, તે જ પરમ ધીરતા છે...સ્વ–ધ્યેય પ્રત્યે બુદ્ધિને જોડવી તે જ સાચું ધૈર્ય છે. કોઈ પ્રસંગે જ્ઞાનીની બુદ્ધિ સ્વધ્યેયથી ડગતી નથી; એવા ધીર જ્ઞાની મોક્ષને સાધે છે.

* અહો, જિનમાર્ગી સંતો રત્નત્રયના ખીલેલાં આનંદમય પુષ્પોથી શોભે છે, ને જગતને ઉપકાર કરે છે, જેમ ઉત્તમ વૃક્ષ સ્વયં પત્ર–પુષ્પથી પલ્લવિત શોભે છે ને તેની શીતળછાયામાં આવેલા જીવોને પણ છાયો આપીને તે પરોપકાર કરે છે; તેમ ચૈતન્યસાધક મુનિ તે ધર્મનું મધુરું વૃક્ષ છે, તે પોતે તો આનંદમય રત્નત્રયપુષ્પો વડે પલ્લવિત થઈને શોભે છે, તેમજ તેમની વીતરાગી છાયા લેનારા ભવ્યજીવોને પણ શાંતિનો માર્ગ બતાવીને પરોપકાર કરે છે. ધન્ય તે મુનિવરા!

જેમ ઝાડ કોઈ જાતના ભેદભાવ વગર બધાને છાયો જ આપે છે, પાપી હો કે ધર્મી હો, બધાયને રાગ–દ્વેષ વગર તે છાયો જ આપે છે, તેમ જ્ઞાની–સંતો નિસ્પૃહપણે સર્વે જીવોને વીતરાગી શાંતિનું જ નિમિત્ત થાય છે, બધાયને ચૈતન્યના હિતનો માર્ગ દેખાડે છે.

* આત્માનો જ્ઞાનસ્વભાવ છે; તેમાં રાગને ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી, જ્ઞાનપર્યાયોને ઉત્પન્ન કરે એવું તેના સ્વભાવનું બળ છે. જ્ઞાનપર્યાયોથી અભિન્નપણે આત્મા પરિણમે છે. સ્વપર્યાયોથી જુદી ચૈતન્યસત્તા નથી, પણ એકરસ છે. જ્ઞાનપર્યાય થવાનો આત્માનો સ્વભાવ છે, તે કાંઈ ઉપાધિ નથી, પણ તે તો પોતાનું સ્વાભાવિક સામર્થ્ય છે.

* ચેતનપણે વિદ્યમાન વસ્તુરૂપ જે જ્ઞાયકભાવ છે, તેનો જ્ઞાનરૂપે પરિણમવાનો સ્વભાવ છે; તે જેટલા જ્ઞાનપર્યાયોરૂપે પરિણમે છે તે બધા પર્યાયો અભેદમાં તન્મય થઈને એક અભેદને અભિનંદે છે; એવા નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપે ધર્મી પોતાને અનુભવે છે. જ્ઞાનપર્યાયો અસત્ નથી પણ તેના ભેદના વિકલ્પો કરવા તે વસ્તુસ્વરૂપમાં અસત્ છે, રાગ–વિકલ્પો તે વસ્તુનું સ્વરૂપ નથી.

* શુદ્ધ જ્ઞાનના અનુભવનશીલ આત્મા, અનાકુળતારૂપ પરમ સુખને આસ્વાદે છે, તે વિકલ્પના સ્વાદને પોતામાં ભેળવતો નથી. શાંતરસનો સ્વાદ લેનારું જ્ઞાન વિકલ્પનો સ્વાદ લેવાને અસમર્થ છે; વિકલ્પનો બોજો જ્ઞાનને અસહ્ય છે. ચૈતન્યનો સુખરસ જેણે ચાખ્યો છે ને તેમાં જ જે તન્મય થયેલું છે તે જ્ઞાનમાં દુઃખરૂપ વિકલ્પોનો સ્વાદ કેમ સમાય? ઇંદ્રિયવિષયોના દુઃખને તે જ્ઞાન કેમ વેદે? અજ્ઞાનીજનોને જે રાગ અને વિષયોમાં સુખ લાગે છે, જ્ઞાનીને તે બધા દુઃખરૂપ લાગે છે, ને જ્ઞાનમય શુદ્ધસ્વરૂપમાં તદ્રૂપ પરિણમતો થકો તેના સુખસ્વાદને જ તે વેદે છે. અહો, એ સુખનો મહિમા જ્ઞાનીને જ ગોચર છે.

* જીવદ્રવ્યરૂપી મહાસમુદ્ર, પોતાના જ્ઞાનકલ્લોલોરૂપે સ્વબળથી જ પરિણમી રહ્યો છે, એટલે તે તો સ્વભાવ જ છે, તે કાંઈ રાગ–દ્વેષની જેમ ઉપાધિ નથી. જેટલા જ્ઞાનપર્યાયો છે તેમનાથી ભિન્ન સત્તા નથી, એક જ સત્ત્વ છે. સત્તાસ્વરૂપે જ્ઞાયકભાવ એક છે, તથાપિ અંશભેદ કરતાં અનેક છે. આવા આત્માના અનુભવનું જે મહાન સુખ છે તે સુખ બીજે ક્યાંય નથી. જીવ અનંતકાળથી ચારે ગતિઓમાં ભમતાં જેવું સુખ ક્યાંય પામ્યો નહિ એવા અદ્ભુત સુખનો નિધાન આત્મા છે, ને તે સુખ ધર્મીને આસ્વાદમાં આવ્યું છે.

* કોઈ કહે કે એક જ્ઞાનના પાંચ પ્રકાર કેમ છે? તો કહે છે કે જ્ઞાનપર્યાય તે વસ્તુનું સહજ સ્વરૂપ છે, તે જ્ઞાનના પર્યાયો કાંઈ વસ્તુથી વિરુદ્ધ તો નથી. વિકલ્પો જુઠા છે ને જ્ઞાનથી વિરુદ્ધ છે પણ જ્ઞાનપર્યાયો કાંઈ વિરુદ્ધ કે જાુઠા નથી; આત્મા જ્ઞાનમાત્ર છે; તેની સંવેદન વ્યક્તિઓ અત્યંત નિર્મલ છે.

* કોઈ એમ માને કે જેટલા જ્ઞાનના પર્યાય છે તે સમસ્ત અશુદ્ધ છે,–પરંતુ એમ તો નથી, કારણ કે જેમ જ્ઞાન શુદ્ધ છે તેમ જ્ઞાનના પર્યાય વસ્તુનું સ્વરૂપ છે તેથી શુદ્ધસ્વરૂપ છે.
* વિશેષ એટલું સમજવું કે, માત્ર પર્યાયભેદને પકડતાં વિકલ્પ ઊપજે છે, જ્ઞાનનો અનુભવ નિર્વિકલ્પ છે, તેથી વસ્તુમાત્ર અનુભવતાં સમસ્ત પર્યાયો પણ જ્ઞાનમાત્ર છે.–આવો જ્ઞાનમાત્ર આત્મા અનુભવયોગ્ય છે. તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન, તેનું આચરણ તે મોક્ષમાર્ગ છે. આવી આત્મઅનુભૂતિ તે આનંદ દેનારી દિવ્ય ઔષધિ છે, તેના સેવનથી આત્માના સર્વપ્રદેશે આનંદનો ઝણઝણાટ થાય છે.

ધર્માત્માનું પ્રમાણજ્ઞાન દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ યથાર્થ વસ્તુસ્વરૂપ જાણે છે જેનાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે શુદ્ધ ચેતનમય છે એવા આત્માનું સ્વરૂપ જાણતાં પ્રમાણજ્ઞાન થયું, એટલે ભેદજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્જ્ઞાને આત્માનું જેવું સ્વરૂપ જાણ્યું તેવા જ આત્માની નિઃશંક શ્રદ્ધા કરી તે સમ્યગ્દર્શન થયું. સમ્યગ્જ્ઞાન ( –પ્રમાણજ્ઞાન ) ની સાથે જ સમ્યગ્દર્શન નિયમથી હોય છે; આ રીતે સમ્યગ્જ્ઞાને જાણેલા આત્મતત્ત્વનું શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્જ્ઞાને જે વસ્તુસ્વરૂપ જાણ્યું તેનાથી વિરુદ્ધ શ્રદ્ધા હોતી નથી. એટલે જાણેલાનું શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે; જાણ્યા વગર શ્રદ્ધા કોની ? જ્ઞાન વગરની શ્રદ્ધાને તો ‘સસલાના શીંગડા’ ની જેમ અસત્‌ની શ્રદ્ધા કહી છે, એટલે કે એવી શ્રદ્ધા મિથ્યા છે. માટે યર્થાથ જ્ઞાનથી વસ્તુસ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવી જોઈએ.

* ચેતનમય શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ જેવું આત્મસ્વરૂપ છે તેવા આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે, તેનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે, ને તેમાં એકાગ્રતારૂપ વીતરાગ પરિણતિ તે સમ્યક્ચારિત્ર છે.–આ રીતે આત્માના જ આશ્રયે મોક્ષમાર્ગ છે.

**ખાસ સૂચના:-** માનનીય પ્રમુખશ્રી તરફથી ખાસ જણાવવામાં આવે છે કે પ્રતિષ્ઠામહોત્સવનો હિસાબ બંધ કરવાનો હોવાથી, જેમની ઊછામણી વગેરેની રકમો બાકી છે તેમને “શ્રી પરમાગમ મંદિર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ” ના નામથી બેન્ક ઓફ ઈન્ડિયા ( સોનગઢ ) ઉપરનો, અથવા તો ભાવનગરની ગમે તે બેન્ક ઉપરનો, ડ્રાફટ જેમ બને તેમ તુરત મોકલી આપવા વિનંતી છે.

શ્રી પરમાગમ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ, સોનગઢ ( ૩૬૪૨૫૦ )

# શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

## [ મિટિંગ સંબંધી સૂચના ]

તા. ૮–૮–૭૪

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ/સમાજ મુ____________

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે આ વર્ષે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધિઓને હાજર રહેવા સૂચના આપશોજી.

### એજન્ડા

( ૧ ) સને ૧૯૭૩–૭૪ વર્ષના વાર્ષિક હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજૂર કરવા.
( ૨ ) સને ૧૯૭૪–૭૫ ના વર્ષ માટેના નવાં બજેટો મંજૂર કરવા.
( ૩ ) માનનીય પ્રમુખ સાહેબની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૧૬–૯–૭૪ | સોમવાર | સવારે ૯–૧૫થી૯–૪૫ |
| શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ | ૧૬–૯–૭૪ | સોમવાર | સવારે ૯–૪૫ |
| શ્રી સામાન્ય સભા | ૧૭–૯–૭૪ | મંગળવાર | સવારે ૯–૧૫ |
| શ્રી ટ્રસ્ટીઓની મીટિંગ | ૧૭–૯–૭૪ | મંગળવાર | બપોરે ૪–૧૫ |

આ ઉપરાંત શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ સોનગઢની વાર્ષિક મીટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

( ૧ ) પ્રથમ ભાદરવા વદ ૦)) સોમવાર તા. ૧૬–૯–૭૪ સાંજે ૪–૧૫ વાગે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મીટિંગ.

( ૨ ) બીજા ભાદરવા સુદ મંગળવાર તા. ૧૭–૯–૭૪ સવારે ૯–૪૫ શ્રી સામાન્ય સભા.

**નોંધ :-** બધી મીટિંગોનું સ્થળ : – પ્રવચનમંડપ

લિ.
નેમીદાસ ખુશાલ શેઠ
ટ્રસ્ટી
શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ, સોનગઢ

લિ.
નવનીતલાલ ચુનીલાલ જવેરી
પ્રમુખ
શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

# પંચપરમેષ્ઠી ભગવંતોને આત્મામાં બોલાવીને શુદ્ધોપયોગની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ

( વીર સં. ૨૫૦૦ શ્રાવણ સુદ ૧૦ )

પ્રવચનસારની મંગળગાથાઓ આજે શરૂ થાય છે. તેના ઉપોદ્‌ઘાતમાં અમૃતચંદ્રાચાર્યદેવ શ્રી કુંદકુંદાચાર્યદેવની ઓળખાણ આપે છે–

અહો, આ સૂત્રકર્તા આચાર્ય પરમદેવને સંસારસમુદ્રનો કિનારો નજીક આવી ગયો છે...મોક્ષદશા એકદમ નજીક આવી ગઈ છે એટલે તેઓ આસન્નભવ્ય છે. હજાર વર્ષ પહેલાં થયેલા આચાર્યદેવની અંતરંગ અનુભવદશાને પોતાની સ્વાનુભૂતિ સહિત ઓળખીને કહે છે કે અહો, આવા અલૌકિક આત્મવૈભવવાળા વીતરાગી સંતનું આ કથન છે.

તે કુંદકુંદાચાર્યદેવ સાતિશય–ભેદજ્ઞાન જ્યોતિવાળા છે. જેમ સાતિશય સાતમા ગુણસ્થાનવાળા ઉપર શ્રેણી ચડે છે, તેમ આચાર્યદેવની ભેદજ્ઞાનજ્યોતિ એવી અતિશયવાળી છે કે કેવળજ્ઞાન લેશે,–અપ્રતિહતરૂપે આગળ વધીને કેવળજ્ઞાનને પ્રગટ કરશે.

ભેદજ્ઞાનની અનેકાન્તવિદ્યાવડે, મિથ્યારૂપ એકાંતવિદ્યાનો જેમને અસ્ત થઈ ગયો છે. અહો, અનેકાંતનો અમોઘ–મંત્ર સર્વ અવિદ્યાનો નાશ કરી નાંખે છે. આચાર્યદેવને અનેકાંતરૂપ મહાન વીતરાગીવિદ્યા ખીલી ગઈ છે, તે તો જિનેશ્વરી–વિદ્યા છે. આવી પારમેશ્વરીવિદ્યા ઉપરાંત શુદ્ધોપયોગના બળે રાગ–દ્વેષનો અભાવ કરીને એવા મધ્યસ્થ થયા છે કે ક્યાંય પક્ષપાત નથી. કોઈને રાજી કરવા માટે કે કોઈની નિંદા કરવા માટે તેમની પ્રવૃત્તિ નથી, વીતરાગભાવથી મોક્ષને સાધવા માટે શુદ્ધોપયોગી ચારિત્રમાં જેમની પ્રવૃત્તિ છે, વચ્ચે જરાક રાગ આવે તેને ઓળંગી જવા માંગે છે.

મોક્ષલક્ષ્મીને જ આચાર્યદેવે ઉપાદેયપણે નક્કી કરી છે. સર્વ પુરુષાર્થમાં સારભૂત

એવી મોક્ષદશા જ આત્માને સર્વથા હિતરૂપ છે; ને પંચપરમેષ્ઠીના પ્રસાદથી તે ઉત્પન્ન થાય છે; તે જ અવિનાશી છે ને ઉપાદેય છે.

અહો, પંચપરમેષ્ઠી ભગવંતો! તમારા માર્ગને અનુસરતાં મોક્ષલક્ષ્મી પ્રગટે છે. શ્રીગુરુઓએ પ્રસન્ન થઈને અનુગ્રહપૂર્વક શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ અમને પ્રસાદીરૂપે આપ્યો, તેનાથી અમને નિજવૈભવ પ્રગટયો છે,–એમ સમયસારની પાંચમી ગાથામાં કહ્યું છે; અહીં પંચપરમેષ્ઠીના પ્રસાદથી મોક્ષ થવાની વાત કરી; એટલે તેમણે જેવો કહ્યો તેવો ભાવ લક્ષમાં લેતાં આત્માનો અનુભવ થઈને પરમ આનંદ સહિત મોક્ષના દરવાજા ખુલી જાય છે.–આવી દશારૂપે થયેલા પ્રભુ કુંદકુંદસ્વામી અનુગ્રહપૂર્વક આ પ્રવચનસાર સંભળાવે છે...મોક્ષના મંગલ માંડવા રોપે છે ને તેમાં પંચપરમેષ્ઠીને બોલાવે છે.

અહો, આવા સમર્થ આચાર્યભગવાન જિનપ્રવચનના સારભૂત આ પરમાગમ સંભળાવે છે, તો હે ભવ્યજીવો! તમે પરમ આનંદના પિપાસુ થઈને, પ્રશમભાવના લક્ષે અત્યંત બહુમાનથી તેનું શ્રવણ કરજો. તેના ફળમાં મોહનો નાશ થઈને તમને પરમ અતીન્દ્રિય આનંદની અનુભૂતિ થશે.

પાંચમી ગાથામાં કહ્યું કે–મારા આત્મવૈભવથી હું જે શુદ્ધ એકત્વ–વિભક્ત આત્મા દેખાડું છું તેને હે ભવ્યજીવો! તમે તમારા સ્વાનુભવથી કબુલ કરજો. અમારી નિજવૈભવની વાત સાંભળીને તેના ભાવને સમજતાં જરૂર શુદ્ધઆત્મા અનુભવમાં આવશે. જેણે આવો અનુભવ કર્યો તે કહે છે કે અહો પ્રભો! આપના પ્રસાદથી મને શુદ્ધાત્મપ્રાપ્તિ થઈ...મારા ઉપર આપની કૃપા થઈ...આપ મારા ઉપર પ્રસન્ન થયા. આપના પ્રસાદથી શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક અમે પરમહિતરૂપ મોક્ષલક્ષ્મીને ઉપાદેય કરી છે.

જુઓ, આવી શુદ્ધદશારૂપે પરિણમેલા આચાર્યદેવ મોક્ષને સાધવાના મહાન આનંદપ્રસંગે, શ્રી વર્દ્ધમાનદેવ સહિત પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કારપૂર્વક સંભાવે છે, તેમનો આદર કરે છે, અને સર્વ ઉદ્યમપૂર્વક પોતે પણ મોક્ષમાર્ગરૂપે પરિણમે છે... મોક્ષમાર્ગરૂપે પરિણમીને મોક્ષને સાધતાં–સાધતાં આચાર્યદેવે આ રચના કરી છે. ગાથા ૧૯૯ માં કહે છે કે અમે મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે ને કૃત્ય કરાય છે. મોક્ષને સાધવાનું કામ ચાલી જ રહ્યું છે. અમારા આત્માએ મોક્ષમાર્ગનો આશ્રય કર્યો છે...ને તેમાં પણ શુદ્ધોપયોગને અંગીકાર કરીએ છીએ.

એ વાત પાંચ રત્નો જેવી પાંચ મંગલ ગાથા દ્વારા કહે છે–

## સૂત્ર ૧ - ૨ - ૩ - ૪ - ૫

આ પાંચ મંગળ ગાથા દ્વારા, પંચ પરમેષ્ઠીભગવંતોને આત્મામાં બોલાવીને, આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ કર્યું છે.

અહો, કુંદકુંદાચાર્ય જેવા મહા સંત જેમને નમસ્કાર કરે છે એ સાધુ કેવા? એ પરમેષ્ઠીભગવંતો કેવા? એમના મહિમાની શી વાત! પાંચ ગાથામાં પાંચ પરમેષ્ઠી ભગવંતોને જ્ઞાનમાં હાજર કરીને ચૈતન્યરત્નો વરસાવ્યા છે...આત્મામાં શુદ્ધોપયોગની ધારા ઉલ્લસાવી છે.

નમસ્કાર કરતાં, હું નમસ્કાર કરનાર કેવો છું?–કે હું જ્ઞાનદર્શનસ્વરૂપ સ્વસંવેદનપ્રત્યક્ષ છું. મારા આત્માના સ્વસંવેદનપ્રત્યક્ષપૂર્વક હું પંચપરમેષ્ઠી ભગવંતોના શુદ્ધાત્માને નમસ્કાર કરું છું. તેમના આશ્રમમાં પ્રથમ તો વિશુદ્ધ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, ચારિત્ર દશા પણ પ્રગટી છે, ને હવે ચારિત્રદશામાં હું શુદ્ધોપયોગરૂપ સામ્યદશાને પ્રાપ્ત કરું છું.–જુઓ તો ખરા, આચાર્યદેવની વીતરાગી ભાવના! શુદ્ધોપયોગપૂર્વક ચારિત્રદશા પ્રગટી તો છે, ને શુદ્ધોપયોગમાં એકદમ ઠરવા માંગે છે...કે જેનાથી સાક્ષાત્ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

પોતાના જ્ઞાનદર્શનસ્વરૂપ આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષ કરીને જ પંચપરમેષ્ઠી ભગવંતોને સાચા નમસ્કાર થાય છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા જેણે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ કર્યો તેને રાગાદિભાવોને ચૈતન્યથી ભિન્ન જાણ્યા. સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય એવો આત્મસ્વભાવ છે. રાગમાં કે ઇંદ્રિયજ્ઞાનમાં આવે એવો તે સ્વભાવ નથી. આ રીતે અતીન્દ્રિય સ્વભાવરૂપ થઈને, તેના અનુભવપૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે, તેમાં ઘણી ગંભીરતા છે. પંચપરમેષ્ઠીને નમસ્કાર કરતાં પોતાના સ્વસંવેદનની વાત તેમાં ભેગી લીધી છે.

પહેલા જ સૂત્રમાં एस શબ્દથી શરૂઆત કરી છે, ऐष એટલે 'स्वसंवेदनप्रत्यक्ष दर्शनज्ञानसामान्यात्माहं'–એમ કહીને આત્માના સ્વસંવેદનપ્રત્યક્ષપૂર્વક આચાર્યભગવંતોએ આ પરમાગમનો પ્રારંભ કર્યો છે. નમસ્કાર કરનારે પોતે પોતાને ઓળખીને પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કર્યા છે, એટલે પોતે તેમની પંક્તિમાં ભળીને તેમને નમસ્કાર કરે છે.

પંચપરમેષ્ઠીમાં સૌથી પહેલાં વર્તમાન તીર્થના નાયક એવા ભગવાન વર્દ્ધમાનદેવને નમસ્કાર કર્યા છે. અહો ભગવાન! આપનું શાસન એવું છે કે જેનાથી ધર્મની

વૃદ્ધિ જ થાય છે. આપનું મંગલ શાસન આજે પણ વર્તી રહ્યું છે. ધર્મની વૃદ્ધિ કરનાર એવા આપ ‘વર્દ્ધમાન’ છો.

જાુઓ તો ખરા, ‘वर्द्धमान ’ નામ પણ કેવું સુંદર છે! અહો, વર્દ્ધમાન દેવ! અત્યારે અહીં આપનું ધર્મશાસન પ્રવર્તી રહ્યું છે; એટલે આપે ઉપદેશેલા શુદ્ધ જ્ઞાન–દર્શનના ભાવો અત્યારે અમારા આત્મામાં વર્તી રહ્યા છે, તે જ આપનું શાસન છે.

જે અતીત તીર્થંકરો થયા તેઓ અત્યારે સિદ્ધપણે બિરાજે છે. અનંત સિદ્ધભગવંતો છે તેઓ બધાય, શરીરાદિથી રહિત હોવા છતાં, ચૈતન્યની વિશુદ્ધ સત્તાપણે સદ્ભાવવાળા છે. દ્રવ્યથી–ગુણથી–પર્યાયથી સર્વપ્રકારે વિશુદ્ધ જેમનો સદ્ભાવ છે, ચૈતન્યની અત્યંત શુદ્ધ સત્તારૂપે જેમનું જીવન છે, એવા સિદ્ધભગવંતોને જ્ઞાનમાં લઈને હું પ્રણમું છું.

અહા, કુંદકુંદાચાર્યદેવ મહાત્મા પણ જેમને પ્રણામ કરે તે પંચ પરમેષ્ઠીપદના મહિમાની શી વાત! વંદન કરનારા આવડા મોટા, તો જેમને વંદન કરે છે તેમની શુદ્ધતાની શી વાત!

અરિહંતો–તીર્થંકરો અને સિદ્ધભગવંતોની સાથે, આચાર્ય–ઉપાધ્યાય–સાધુ ભગવંતોને પણ હું પ્રણમું છું.–કેવા છે તે શ્રમણ ભગવંતો?–જેમણે પરમ શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે. ઉપયોગભૂમિકા તેમાં પુણ્ય–પાપ ન આવે, રાગ ન આવે. શુદ્ધઉપયોગપરિણતિવડે જ સમ્યગ્દર્શન થાય છે ને ધર્મ શરૂ થાય છે. તે ઉપયોગની શુદ્ધતા જેમને ઘણી વધી ગઈ છે–એવા શ્રમણભગવંતોને હું પ્રણમું છું. જુઓ, મુનિની ઓળખાણ શુદ્ધ ઉપયોગ વડે આપી. અરે, આવી મુનિદશાની ઓળખાણ પણ અત્યારે તો કેવી દુર્લભ થઈ ગઈ છે!

પોતાના જ્ઞાનમાં ‘સર્વજ્ઞ–વીતરાગ–અર્હંત પરમાત્મા આવા છે ’ એમ જ્યાં તેમનું સ્વરૂપ નક્કી કર્યું ત્યાં, પૂર્વે થયેલા બધાય અર્હંત ભગવંતો પણ આવા જ હતા... એમ બધાય ભગવંતો પોતાના જ્ઞાનમાં વર્તમાનકાળગોચર થઈ જાય છે.

અહા, જાણે બધાય પંચ પરમેષ્ઠીભગવંતો ભેગા થઈને એક સાથે મારા ઘરે–મારા જ્ઞાનમંદિરમાં પધાર્યા હોય! એમ સાધકના આત્મામાં આનંદનો મહોત્સવ મંડાયો છે. અહા, મારા આત્મામાં મોક્ષનો અપૂર્વ મંગલમહોત્સવ, તેમાં મેં પંચપરમેષ્ઠીભગવંતોને બોલાવ્યા છે, ને પંચપરમેષ્ઠીભગવંતો મારા મંડપમાં પધાર્યા છે; અનંતા સિદ્ધભગવંતો, લાખો અરિહંત ભગવંતો, કરોડો મુનિભગવંતો–એ સૌ એક સાથે મારા નિર્ગ્રંથ–

દીક્ષાના આનંદ–ઉત્સવમાં પધાર્યા છે, આનંદમેળામાં તે સૌ પધાર્યા છે, તે સર્વને હું સન્માનું છું...પ્રણમું છું...આરાધું છું.

* * *

અહો, અમારો આત્મા તો અમને પ્રત્યક્ષ છે, ને પંચ પરમેષ્ઠી ભગવંતો પણ અમારા જ્ઞાનમાં સાક્ષાત્ વર્તે છે, તેમનો અમને વિરહ નથી. ભલે અત્યારે આ ભરતક્ષેત્રના નાના ક્ષેત્રમાં તીર્થંકરની ઉત્પત્તિ નથી દેખાતી, પણ મનુષ્યક્ષેત્ર તો ઘણું મોટું છે, આ મનુષ્યક્ષેત્રના જ વિદેહક્ષેત્રમાં અત્યારે પણ સર્વજ્ઞતા સહિત અરિહંત ભગવંતો સાક્ષાત્ વિચરી રહ્યા છે, તેઓ અમારા જ્ઞાનમાં વિદ્યમાન વર્તી રહ્યા છે, તેથી અમારા જ્ઞાનમાં તેમને પ્રત્યક્ષગોચર કરીને તેમને નમસ્કાર કરું છું. જેમ સિદ્ધભગવંતો અસંખ્યાત યોજન દૂરક્ષેત્રે બિરાજતા હોવા છતાં, સાધક ધર્માત્માના જ્ઞાનમાં તેઓ દૂર નથી, સાધકના જ્ઞાનમાં સિદ્ધભગવંતો વિદ્યમાન જ વર્તે છે એટલે તેને સિદ્ધનો સદ્ભાવ જ છે; તેમ અતીન્દ્રિય જ્ઞાન–આનંદરૂપ થયેલા અરિહંત ભગવંતો પણ સાધકના જ્ઞાનમાં વિદ્યમાન જ વર્તે છે; ક્ષેત્રનું અંતર જ્ઞાનમાં નડતું નથી. **વાહ, જુઓ તો ખરા! રાગથી જુદા પડેલા સાધકના અતીન્દ્રિય જ્ઞાનની તાકાત કેટલી મહાન છે!**

આરાધકભાવ સહિત પંચપરમેષ્ઠીભગવંતને નમસ્કાર ચાલે છે. શુદ્ધાત્મભાવરૂપ પંચપરમેષ્ઠીઓ તે ભાવ્ય, ને હું તે શુદ્ધાત્માનો ભાવક,–એમ ભાવ્ય–ભાવકનું સ્વરૂપ ચિંતવીને, ભાવ્યરૂપ શુદ્ધાત્મા પ્રત્યે જ્યાં અતિગાઢ ભાવના જાગે છે ત્યાં ભાવક પોતે તેવી શુદ્ધાત્મદશારૂપ થઈ જાય છે, જેવા 'ભાવ્ય' શુદ્ધ છે તેવી શુદ્ધતારૂપે ( સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે ) ભાવક પોતે થઈ જાય છે, એટલે ત્યાં ભાવ્ય ને ભાવકનું દ્વૈત રહેતું નથી.–આવા અદ્વૈતભાવરૂપ નમસ્કાર કરીને હું પંચપરમેષ્ઠીના આશ્રમમાં પ્રવેશ્યો છું... પંચ પરમેષ્ઠીનો આશ્રમ એટલે શુદ્ધાત્માનો આશ્રમ,–તેમાં પ્રવેશતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જરૂર થાય છે. જેમ કોઈ 'આશ્રમ' માં જતાં જીવો શાંતિ પામે છે, તેમ પંચપરમેષ્ઠીનો વીતરાગી–આશ્રમ, આત્માનો સહજ શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવ બતાવીને જીવને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો સંપાદક છે. જ્ઞાનસ્વભાવી આત્માના શ્રદ્ધા–જ્ઞાન વડે જ પંચ પરમેષ્ઠીના આશ્રમમાં જવાય છે. શુદ્ધ આત્માના સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વગર પંચપરમેષ્ઠીની પણ સાચી ઓળખાણ થતી નથી. જે જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માને સ્વસંવેદનપ્રત્યક્ષ કરે તે જ સાચું णमो अरिहंताणं કરી શકે.

**શ્રી** षट्खंडागम **ના મહાન મંગલાચરણમાં** 'णमो लोए त्रिकालवर्ती सव्व अरिहंताणं'

એમ કહીને ત્રિકાળવર્તી પરમેષ્ઠીભગવંતોને જ્ઞાનમાં લઈને નમસ્કાર કર્યા છે, તેમાં ઘણી ગંભીરતા છે. જેના જ્ઞાનમાં ત્રણકાળવર્તી અરિહંતોનો સ્વીકાર થયો તેનું જ્ઞાન, રાગથી છૂટું પડીને અરિહંતપદનું સાધક થઈ ગયું; એટલે 'णमो लोए सव्व त्रिकालवर्ती अरिहंताणं ' તેમાં પોતાનો આત્મા પણ આવી ગયો, પોતે પોતાને પણ નમસ્કાર કર્યો...એટલે કે પોતે પોતાના આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ કરીને તેમાં નમ્યો... એકાગ્ર થયો...તે અભેદ નમસ્કાર છે.

અહા, સાચા નમસ્કારનો વિષય પણ કેટલો મોટો છે! સમ્યગ્દર્શનના વિશ્વાસનો વિષય તો સર્વોત્કૃષ્ટ મહાન સુંદર ચૈતન્યતત્ત્વ છે. ને ત્રિકાળવર્તી પંચ પરમેષ્ઠીભગવંતોને નમસ્કાર કરવામાં પણ, પોતાના આત્માને ભેગો ભેળવીને ઘણી ગંભીરતા છેઃ અનંતા જીવો મુક્ત થયા, ને ભવિષ્યમાં હું પણ મુક્ત થવાનો છું; એટલે અનંતા જીવો છે, હું પણ ત્રિકાળ છું, મારા સ્વભાવમાં પણ અરિહંત જેવા સર્વગુણ ભરેલા છે, ને તે સ્વભાવના સ્વીકાર વડે, તેની સન્મુખતાથી, મોહનો અભાવ કરીને સમ્યક્ત્વાદિ વડે હું મોક્ષને સાધી રહ્યો છું,–એટલે મારા શુદ્ધઆત્માને હું નમી રહ્યો છું.– આટલા મહાન વિશ્વાસપૂર્વક પંચપરમેષ્ઠીને સાચા નમસ્કાર થાય છે. જુઓ તો ખરા, એક 'णमो अरिहंताणं ' માં પણ કેટલી ગંભીરતા છે!

**વાહ રે વાહ! જૈનદર્શન...તારા રહસ્યો ઘણાં ગંભીર છે.**

એકલા રાગ વડે અરિહંતોને સાચા નમસ્કાર નથી થતા. રાગથી છૂટા પડેલા અતીન્દ્રિય જ્ઞાનમાં જ, અતીન્દ્રિયજ્ઞાનાનંદસ્વરૂપ અરિહંતોનો સ્વીકાર થઈ શકે છે, ને એવો સ્વીકાર કરે ત્યારે જ સાચું 'નમો અરિહંતાણં' થાય છે. આવા ભાવથી અરિહંતોને નમસ્કાર જેણે કર્યા તે જીવ પોતે પણ અલ્પ સમયમાં અરિહંતોની પંક્તિમાં બેસી જાય છે.

**વાહ રે વાહ! અરિહંતોનો માર્ગ કેવો અલૌકિક, કેવો સુંદર છે!**

અરે, મહાવીરનો માર્ગ...એ તો વીરોનો વીતરાગમાર્ગ છે. કાંઈ રાગના અકષાયવડે તો એ માર્ગે જવાતું હશે!–ના; કષાયનો કોઈ પણ કણિયો દુઃખનું જ કારણ છે, તે કષાયને ઓળંગી જઈને, તેના અભાવથી શુદ્ધ વીતરાગચારિત્ર પમાય છે. છઠ્ઠા ગુણસ્થાનનો ( સંજ્વલનરૂપ ) કષાયકણ તે પણ ચારિત્રનો વિરોધી છે, કલેશ દેનાર છે; વીતરાગચારિત્ર કે જે નિર્વાણનું સાધન છે–તે તો સમસ્ત કષાયના કલેશરૂપ કલંક વગરનું છે.–તે જ

પરમ સમભાવરૂપ છે. કુંદકુંદસ્વામી કહે છે કે મોક્ષને માટે હું આવા વીતરાગચારિત્રને અવલંબ્યો છું.

વાહ રે વાહ! વીતરાગી સંતો, તમારી દશા! તમે ચૈતન્યની વીતરાગી શાંતિના બરફમાં જામી ગયા છો. તેમાં કષાય–અગ્નિનો કણિયો રહી શકે નહિ. નમસ્કાર હો આવા વીતરાગ સંત ભગવંતને.

અમૃતચંદ્રદેવ કહે છે કે ‘આમણે–મારા ગુરુએ આ રીતે સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો. ’–આ સાંભળતાં મુમુક્ષુ શ્રોતાને પણ એમ પ્રમોદ આવે છે કે વાહ, મારા ગુરુ કેવા મહાન છે! એમની અંતરસ્થિતિ કેવી વીતરાગભાવથી શોભી રહી છે! આવા મહાત્મા ગુરુ અમને મળ્યા...તો અમે પણ તેમના પંથને અનુસરીને મોક્ષમાર્ગને અંગીકાર કરી રહ્યા છીએ. વાહ! મોક્ષના માર્ગમાં ગુરુ–શિષ્યના ભાવોની કેવી અપૂર્વ સંધિ છે!

## જ્ઞાન ગોષ્ઠી-

–વા–વ–વા–વા–વ–વ–વ–વા–વા–વ–વ

ઉપરના શબ્દોમાં ૧૧ લીટી છે તે જગ્યાએ એક જ અક્ષર મુકવાથી આત્માની સાત શક્તિ પ્રાપ્ત થવાનું જણાવ્યું હતું. તે અક્ષર ‘ભા’–બધી લીટીની જગ્યાએ ભા અક્ષર મુકવાથી નીચે મુજબ થાય છે–

**ભાવાભાવભાવાભાવાભાવભાવભાવભાવાભાવાભાવભાવ**

હવે યોગ્ય રીતે સંધી છૂટી પાડતાં તેમાં નીચે મુજબ સાત શક્તિનાં નામ થાય છે–

**ભાવ, અભાવ, ભાવાભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ, ભાવ**

સમયસારમાં આત્માની જે ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે તેમાં નંબર ૩૨ થી ૩૯ માં ઉપરની સાત શક્તિનું વર્ણન છે; તેની વ્યાખ્યા સમયસારમાંથી જોઈ લેવી; અને વિસ્તારથી તેનું સ્વરૂપ સમજવા માટે ‘આત્મવૈભવ’ નામનું ઘણું જ સુંદર પુસ્તક વાંચવું. ૪૮૦ પાનાં અને કિંમત માત્ર ૩=૫૦ (પોસ્ટેજ ૧=૫૦)

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## [ સર્વ જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ ]

ગતાંકમાં, જવાબ શોધી કાઢવા માટે જે ત્રણ પ્રશ્નો આપેલા તેના જવાબ નીચે મુજબ છે–

❁ જગતમાં એક પ્રાણી એવું છે કે જો એને બાંધી રાખો તો તે બધે ઠેકાણે ફર્યા કરે; પણ જો તેને છૂટું મુકો તો તે ક્યાંય એક પગલું પણ ન જાય!

–તે પ્રાણી છે જીવ. જીવતત્ત્વ એવું છે કે જ્યારે તે બંધનમાં હોય ત્યારે તો તે ચારે ગતિમાં બધે ફર્યા કરે છે; પણ જો તે છૂટું હોય એટલે મુક્ત હોય તો તે સદાકાળને માટે સિદ્ધાલયમાં સ્થિર રહે છે, પછી તેને ક્યાંય ગમનાગમન થતું નથી.

❁ જગતમાં સર્વજ્ઞભગવાન ઝાઝા? કે સર્વજ્ઞભગવાનના ભક્તો ઝાઝા?

જગતમાં સર્વજ્ઞભગવંતો (–સિદ્ધભગવંતો) અનંતા છે; તે સર્વજ્ઞના ભક્તો એટલે કે સાધકજીવો તો અસંખ્યાત જ છે.–આ રીતે ભક્તો થોડા છે ને ભગવંતો ઝાઝા છે.

❁ મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્રો, તેમાં સૌથી મોટો સ્વયંભૂરમણ–સમુદ્ર; તે સ્વયંભૂરમણસમુદ્રના પ્રદેશો કરતાંય અસંખ્યાતગણા પ્રદેશોવાળો મોટો એકેક જીવ છે.

આખા લોકના પ્રદેશો જેટલા જ એકેક જીવના પ્રદેશો છે, ને તે અસંખ્યાતપ્રદેશો બેકી સંખ્યામાં છે.

જીવના પ્રદેશો બેકી–સંખ્યામાં કેમ છે તેનો ખુલાસો–

જે વસ્તુનો, કે જે સંખ્યાનો બરાબર વચલો ભાગ બેકી હોય તે વસ્તુના સમસ્ત પ્રદેશો પણ બેકી સંખ્યામાં જ હોય; અને જે વસ્તુનો બરાબર વચલો ભાગ એકી હોય તે વસ્તુના સમસ્ત પ્રદેશો પણ એકીસંખ્યામાં જ હોય. હવે જીવ જ્યારે કેવલિ–સમુદ્ઘાત કરે છે ત્યારે તે લોકવ્યાપી થાય છે, ને લોકના પ્રત્યેકપ્રદેશે જીવનો એકેક પ્રદેશ રહે છે; ત્યારે લોકની બરાબર મધ્યના જે આઠ પ્રદેશો (–કે જેનું સ્થાન મેરૂપર્વતના તળીયે છે તે આઠ મધ્ય પ્રદેશો) માં જીવના આઠ પ્રદેશો રહે છે, જેને 'રુચકપ્રદેશ' કહેવાય છે. આ રીતે જેના મધ્યપ્રદેશો આઠ છે એવા જીવના અસંખ્યપ્રદેશો બેકી સંખ્યામાં જ છે.

–અસંખ્યને કે અનંતને પણ એકી કે બેકી કહી શકાય?

–હા; અસંખ્યમાં કે અનંતમાં પણ એકી કે બેકીનો વ્યવહાર સંભવી શકે છે. જેમકે–ગણતરીથી સ્પષ્ટ સમજવા માટે–

એકસરખા બે અસંખ્ય લ્યો; તેમાંથી પહેલાંમાં એક ઉમેરો (અસંખ્ય+૧) અને બીજામાં બે ઉમેરો (અસંખ્ય+૨); તો તે બંને અસંખ્યમાંથી એક 'એકી' હશે ને એક 'બેકી' હશે. ષટ્ખંડાગમમાં પણ કર્મપ્રદેશોની સંખ્યામાં એકી–બેકી (ओज–युग्म) નું વર્ણન આવે છે.

## * જ્ઞાનની મહાનતા *

અહા, ચૈતન્ય–મહાતત્ત્વને જેણે સાક્ષાત્ પકડયું તે ક્ષયોપશમજ્ઞાનને અલ્પ કેમ કહેવું? મહાન અતીન્દ્રિય સ્વસંવેદનપણે ખીલી ગયેલું તે જ્ઞાન તો મહાન છે. ઈન્દ્રિયો કે રાગવડે જેની તાકાતનું માપ ન થઈ શકે–એવી મહાન ગંભીર તાકાત તે જ્ઞાનમાં છે. રાગથી છૂટું પડયું તે જ્ઞાનની તાકાતની શી વાત!

## * શુદ્ધતારૂપે પરિણમેલો આત્મા શુદ્ધ છે *

સ્વભાવથી બધા આત્મા જ્ઞાયક શુદ્ધ છે...પણ તેની સન્મુખ થઈને જેણે અનુભવમાં લીધો તેને તે શુદ્ધ પરિણમ્યો છે. રાગથી ભિન્ન થઈને અને જ્ઞાયકસ્વરૂપમાં અભિન્ન રહીને જેણે એકત્વ–વિભક્ત આત્માને ઉપાસ્યો તેને જ તે શુદ્ધપણે અનુભવમાં આવ્યો છે. પોતાને સ્વાનુભૂતિ થયા વગર 'મારો આત્મા શુદ્ધ છે ' એમ કઈ રીતે જાણી શકાય? માટે શુદ્ધરૂપે પરિણમેલો આત્મા જ અનન્યપણે પોતાને શુદ્ધ અનુભવે છે. –આવી અનુભૂતિ તે જ સમ્યક્ત્વ છે.

## * સમ્યગ્દ્રષ્ટિનું સ્વસંવેદનજ્ઞાન સિધ્ધકે સમાન *

પંચાધ્યાયીના બીજા અધ્યાયના ૪૮૯ મા શ્લોકમાં કહે છે કે–" સમ્યગ્દ્રષ્ટિ જીવકે આત્મા કો જાનનેવાલા સ્વસંવેદન–પ્રત્યક્ષ નામકા જ્ઞાન હોતા હૈ–જો સિદ્ધોંકે સમાન શુદ્ધ હોતા હૈ."

–અહો, આત્માને જાણનારું સમ્યગ્દ્રષ્ટિનું સ્વસંવેદનપ્રત્યક્ષજ્ઞાન સિદ્ધભગવાન સમાન શુદ્ધ છે. સિદ્ધનું જ્ઞાન અને સાધકનું જ્ઞાન એક જાતના છે. વાહ! જે જ્ઞાનને સિદ્ધની ઉપમા લાગુ પડી તે જ્ઞાનમાં કષાયની મલિનતા ક્યાં રહે? વીતરાગી–શાંતરસના સ્વાદવાળું તે જ્ઞાન છે.




## ❀ મહાવીર નિર્વાણના ૨૫૦૦ વર્ષનો મંગલમહોત્સવ ❀

હમણાં દીવાળી આવશે ને આપણા મહાવીરતીર્થંકરના મોક્ષગમનના પચ્ચીસસો વર્ષ પૂરા થશે...અહા, મોક્ષપદ એટલે જગતનું સર્વોત્કૃષ્ટ પદ,–તે મોક્ષનો મહોત્સવ એ જગતનો સર્વોત્કૃષ્ટ મંગલ મહોત્સવ છે.–આવો ઉત્સવ, અને તેમાં પણ અઢીહજાર વર્ષની પૂર્ણતાનો ભવ્ય ઉત્સવ, આપણા જીવનના અવસરમાં જ ઉજવવાનું સૌભાગ્ય આપણને મળી રહ્યું છે.–તો અંતરમાં આપણે આપણા આત્માને મોક્ષસન્મુખ કરીને, અને બહારમાં તન–મન–ધન–સર્વ પ્રકારથી, આ મહાન મોક્ષઉત્સવને શોભાવીએ...ને વીરનાથના શાસનની ખૂબ–ખૂબ સેવા કરીએ તે આપણું કર્તવ્ય છે; ને તેમાં આપણે સમસ્ત જૈનો એકમત છીએ.

હવે એકમતથી નક્કી થયેલું જે આપણું કર્તવ્ય, તેની સિદ્ધિ માટે આપણે શું કરવું ? તેનો થોડોક વિચાર અહીં રજા કરીએ છીએ–

સૌથી પહેલાં આપણા સર્વજ્ઞ–વીતરાગ મહાવીર ભગવાનનું સ્વરૂપ ઓળખીને, તેમણે કહેલા મોક્ષમાર્ગનું (–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું) સત્ય સ્વરૂપ ઓળખીને, તે માર્ગને સાધવા માટે તત્પર બનીએ, ને તેનો પ્રચાર કરીએ. મહાવીર પ્રભુના સર્વોત્કૃષ્ટ વીતરાગમાર્ગને જગતના બીજા કોઈ માર્ગ સાથે ન સરખાવીએ, બીજા માર્ગ તરફ ન જઈએ, ને મહાવીરપ્રભુના જ માર્ગે જઈએ.–આ મૂળભૂત પાયો દરેક જૈનમાં હશે તો જ આપણે મહાવીરભગવાનના મોક્ષના ભવ્ય ઉત્સવનો મહેલ તૈયાર કરી શકીશું.

સમાજદ્રષ્ટિએ, એટલે કે મહાવીરભગવાનના ભક્ત તરીકે બધા જૈનસમાજે, પરસ્પરના વેરવિરોધ વગર એક થઈને રહેવાનું છે.–કઈ રીતે ?–જાણે કે મહાવીરભગવાન આજે આપણી સન્મુખ બિરાજી રહ્યા છે, ને આપણે સૌ પ્રભુના ધર્મદરબારમાં બેઠા

છીએ...જેમ ભગવાનની ધર્મસભામાં કોઈને (સિંહ અને હરણને, સર્પ અને નોળીયાને– વગેરે જાતિ–વિરોધીઓને પણ) વેરવિરોધની લાગણીઓ રહેતી નથી, મૈત્રીભાવ જ રહે છે, તેમ આપણામાં સૌમાં (મહાવીરના સમસ્ત ભક્તોમાં) ક્યાંય પરસ્પર કલેશ કે વેરવિરોધની વૃત્તિ ન હોય, હોય તો દૂર થઈને અત્યંત મૈત્રીભાવ વર્તે, ધાર્મિકસ્નેહની પવિત્ર ધારા વધુ ને વધુ વહેતી થાય; એકબીજાના સુખના પોષક ને દુઃખના હારક બનીએ, એ સૌનું કર્તવ્ય છે. 'सत्वेषु मंत्रो गुणीषु प्रमोदं... ' અહા, કેવી મજાની સુંદર ભાવના આપણા વીતરાગશાસનમાં ભરી છે!

બહારના બાગ–બગીચા કે દવાખાના કરવા કરતાં સૌથી પહેલાં સાધર્મીઓ તરફ ધ્યાન આપશો. ભગવાનમહાવીરનું શાસન જૈન–સાધર્મીઓ વડે શોભશે. પરદેશીઓમાં પ્રચારની ધૂન કરતાં સ્વદેશના સાધર્મીઓમાં મહાવીરપ્રભુના તત્ત્વજ્ઞાનનો પ્રચાર થાય, ને ધર્મસેવનમાં કોઈ પણ સાધર્મીને કંઈ પણ કષ્ટ ન રહે–તેમ કરવું અત્યંત જરૂરી છે.

વિશેષ ઘણું કરવાનું છે તે હવે પછી લખીશું.

* *

## પૂ. બેનશ્રીનો જન્મોત્સવ એટલે સ્વાનુભૂતિનો મંગલોત્સવ

ભારતના એકેએક મુમુક્ષુ જેમના પ્રસિદ્ધ મહિમાને જાણે છે, ને જેમની પ્રશંસાના ઉદ્ગાર ગુરુદેવના શ્રીમુખથી પણ ઝરે છે, એવા સ્વાનુભૂતિસમ્પન્ન પૂ. બેનશ્રી ચંપાબેનની ૬૧ મી જન્મજયંતીનો મહોત્સવ સોનગઢમાં ખૂબ આનંદ–ઉલ્લાસથી ઉજવાયો હતો...બહારગામથી ઘણા મુમુક્ષુઓએ સોનગઢ આવીને આ મંગલ ઉત્સવમાં ભાગ લીધો હતો, ને સૌએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આપણે અહીં તેના ખાસ પ્રયોજનભૂત પ્રસંગોનું જ અવલોકન કરીશું.

## મંગલ સન્દેશ

જન્મોત્સવની ખુશાલીમાં મુમુક્ષુસમાજ દર્શન કરવા ગયેલ ત્યારે પૂ. બેનશ્રીએ ચૈતન્યની પ્રસાદીરૂપે મંગલ વચનોમાં કહ્યું કે–

**"આનંદમય ચૈતન્યતત્ત્વ છે તે જ જગતમાં પરમ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે. આવા આત્માની આરાધના જીવનમાં કરવા જેવી છે. બાકી તો બધા બહારના ઠાઠમાઠ છે. અંદર દેહથી જુદું, રાગથી જુદું ચૈતન્યતત્ત્વ ઉત્કૃષ્ટ છે, તેની ઓળખાણ, શ્રદ્ધા ને લીનતા કરવી તે જ કરવા જેવું છે."**

અહા, ટૂંકામાં પણ કેવી મધુરી–મહત્વની વાત તેઓશ્રીએ કરી! ખરેખર, આત્માની આરાધના એ જ સાચું કર્તવ્ય છે–એ સમજાવીને તેઓશ્રીએ આરાધનાનું અમૃત પીવડાવ્યું છે. અને, તેઓશ્રીના અંતરમાં વર્તતી આવી આત્મ–આરાધનાને લીધે જ તેઓશ્રીનું જીવન મહાન પવિત્ર–પૂજ્ય અને પ્રશંસનીય છે. તેમની એ આરાધનાને ઓળખવી એ જ તેમના પ્રત્યેની સર્વોત્કૃષ્ટ ભક્તિ છે ને એ જ તેમનો સાચો મહોત્સવ છે. અહા, જે જન્મમાં આવી આરાધના પ્રાપ્ત થઈ તેનો જેટલો ઉત્સવ કરીએ તેટલો ઓછો છે. તેથી ગુરુદેવ પણ પ્રમોદથી કહેતા હતા કે લોકોને ઘણો ઉત્સાહ છે.–પણ આરાધક ધર્માત્માનો તો જેટલો મહિમા કરીએ એટલો ઓછો છે. વાહ! આત્મઆરાધના એ જગતમાં સર્વોત્કૃષ્ટ સુંદર વસ્તુ છે. એવી આરાધના વડે શોભતા ધર્માત્મા, બીજા જીવોને પણ આરાધનાની મહાન પ્રેરણા આપે છે.–અને, એવી આરાધનામાં પોતાના આત્માને જોડીને જ આરાધક મહાત્માઓની સત્ય ભક્તિ થાય છે.

જેમ જેમ જ્ઞાનીના અંતરના ઊંડા ગંભીર મહિમાનો ખ્યાલ આવે છે તેમ તેમ મુમુક્ષુના પોતાના પરિણામ પણ બહારમાં ઊછાળા મારતા અટકીને અંતરમાં ગંભીર થતા જાય છે, ને તેના જ્ઞાનમાં ધર્માત્માના ગુણોનું વધુ ને વધુ બહુમાન જાગતું જાય છે; અંતે તેની પરાકાષ્ઠાએ પહોંચતાં પોતે પણ તેવા ગુણોની અનુભૂતિ કરે છે.

હજારો મુમુક્ષુ ભાઈ–બહેનો દ્વારા પૂ. બેનશ્રીને અભિનંદનની શરૂઆતમાં, સૌથી પ્રથમ અભિનંદન પૂ. શ્રી શાંતાબેન દ્વારા થયું હતું. ૪૦ વર્ષોથી પૂ. બેનશ્રીના અત્યંત અંતેવાસી એવા પૂ. શાંતાબેને વાંચનમાં પણ પૂ. બેનશ્રી ચંપાબેન પ્રત્યે ઉપકાર–બુદ્ધિથી કહ્યું કે પૂ. બેનશ્રીનો મારા ઉપર તો મહાન ઉપકાર છે; તેમના પ્રતાપે મને આત્માનો મહાન લાભ થયો છે. ' બેન દ્વારા પૂ. બેનશ્રીને શ્રીફળ અર્પણ કરીને અભિનંદવાનું એ સમયનું દ્રશ્ય મુમુક્ષુઓને ભાવવિભોર કરતું હતું.

## ❀ ભૂત-ભવિષ્યનું એક મધુર સંભારણું ❀

આ ઉત્સવપ્રસંગની મુખ્ય નવીનતામાં એક ચાંદીનું પ્રતીક હતું. જાતિસ્મરણના સુમધુર પ્રસંગને અનુલક્ષીને આ પ્રતિકૃતિ કરાવવામાં આવી છે. તેઓ ભૂતકાળમાં તીર્થંકરપ્રભુની સભાનું દ્રશ્ય તથા ભવિષ્યની તીર્થંકરસભાનું દ્રશ્ય બતાવવામાં આવ્યું છે, ને પૂ. બેનશ્રીના આત્મા તે બંને પર્યાયમાં તીર્થંકરનો ઉપદેશ ઝીલી રહેલ છે; તથા વચ્ચે તેમની વર્તમાનદશાની શાંતમુદ્રાનું દર્શન થાય છે.–આ જે ચાંદીની પ્રતિકૃતિ છે તેમાં જાતિ–

સ્મૃતિનો આંશિક ઉલ્લેખ છે; તેની સાચી ને પૂરી વિગત સમજવા માટે આપણે છવ્વીસ વર્ષ પહેલાંના એક પાવન પ્રસંગને યાદ કરીશું. છવ્વીસ વર્ષ પૂર્વે એટલે કે સંવત ૨૦૦૪ના પોષ માસમાં (ગુરુદેવના એક સ્વપ્નના અનુસંધાનમાં) પૂ. બેનશ્રીને જે વિશેષ જાતિસ્મરણ આવ્યું તેમાં, પૂર્વભવે ભગવાન પાસે એમ સાંભળેલું કે આ રાજકુમાર (એટલે કે કહાનગુરુ) નો જીવ ભવિષ્યમાં ધાતકીખંડમાં સૂર્યકીર્તિ નામના તીર્થંકર થશે, ને તે વખતે દેવાભાઈ તથા લાભભાઈ બંને (એટલે કે ચંપાબેન અને શાંતાબેન) ના જીવો તે તીર્થંકરના પુત્રો થઈને, અનુક્રમે દેવેન્દ્રકીર્તિ તથા ચંદ્રકીર્તિ નામના તેમના ગણધરો થશે.

–અહા, ગુરુદેવે જ્યારે પૂ. બેનશ્રીના શ્રીમુખથી આ મહાન મંગળકથા સાંભળી, ત્યારે તેમને જે અદ્‌ભુત પ્રમોદ થયેલો–તે અમે નજરે જોયો છે, ને તેની યાદી આજેય રોમાંચ ખડા કરી દે છે. હજારો મુમુક્ષુઓ ગુરુદેવના શ્રીમુખથી એ ભૂત–ભવિષ્યની પાવન કથા સાંભળીને, તથા વર્તમાનને નજરે નીહાળીને ધન્ય બન્યા છે. ગુરુદેવના મહાન પ્રમોદને લીધે, તે મંગલ જાતિસ્મૃતિના અનુસંધાનમાં તે વર્ષે (એટલે કે આજથી ૨૬ વર્ષ પહેલાં) ગુરુદેવની ૫૯મી જન્મજયંતિ પ્રસંગે અતિ ભવ્ય ઉલ્લાસપૂર્વકનો ઉત્સવ સોનગઢમાં ઉજવાયો હતો.–કોણ ભૂલી શકે એનાં મધુર સંભારણાં! એવા આનંદના સંભારણાં સોના–ચાંદીમાં કોતરવાની ભાવના મુમુક્ષુઓને થાય–એ કાંઈ આશ્ચર્યની વાત નથી.

–આવા અનેકવિધ ઉત્સવો વડે જેમની ભક્તિ–બહુમાન કરવામાં આવે છે તેઓ પોતે કહે છે કે બહારના આ બધા ઠાઠ–માઠ તે તો ઉપાધિ છે.–વાહ! ચૈતન્યતત્ત્વને ચેતનારી ચેતના, તે તો કેવી અલિપ્ત છે! આવી જ્ઞાનચેતનારૂપે પરિણમતા સંતોની તૂલના કે ઓળખાણ બહારના ગમે તેવા ઠાઠ–માઠવડે થઈ શકે નહિ. અરે, ત્રણલોકનો વૈભવ પણ જેની પાસે નાનો છે એવી મહાન આત્મ–અનુભૂતિ–તેની ગંભીરતાને ઓળખતાં તેવો ભાવ પોતામાં પ્રગટ થાય–તે જ ધર્માત્માની સાચી ઉપાસના છે, તે જ સર્વોત્કૃષ્ટ મહોત્સવ છે.–આવા મંગલ ઉત્સવવડે સર્વે સાધર્મીઓ પોતાનું કલ્યાણ કરો.

અહો માતા! દુનિયાના ગમે તેવા ઊંચા રત્નસિંહાસન ઉપર આપને બિરાજમાન કરવામાં આવે, પણ સ્વાનુભૂતિવડે જે અંતરના નિજપદના સિંહાસને આપ બિરાજ્યા છો તેની તુલના બીજું કોઈ સિંહાસન કરી શકે તેમ નથી. તમારા ચૈતન્યપદ પાસે ઇન્દ્રનું ઈંદ્રાસન પણ અપદ લાગે છે. ભક્તલોકોએ તમને ચપટી હીરાથી વધાવ્યા,–અરે! ત્રણ લોકના હીરા–પન્ના માણેક ભેગા કરીને વધાવીએ તોપણ, જે ચૈતન્યહીરો આપના અંતરમાં

ઝળકી રહ્યો છે તેની તૂલના થઈ શકે તેમ નથી. હજારો વીજળીના ઝબકારા પણ તમારી સ્વાનુભૂતિના અતીન્દ્રિયપ્રકાશના એક નાનકડા અંશનેય પહોંચી શકે તેમ નથી. તમારા સ્વાનુભવરસના અતિમધુર સ્વાદ પાસે જગતના બધા મિષ્ટાનો સર્વથા નીરસ લાગે છે. બસ, આ રીતે આપના અંતરની આત્મિક ઓળખાણ વડે જીવને પોતાને જ્યારે સ્વાનુભૂતિપ્રકાશ જાગે, જ્યારે તે નિજચૈતન્યપદમાં આરૂઢ થાય, ને જ્યારે સમ્યક્ત્વાદિ ચૈતન્યરત્નોથી તે અલંકૃત થાય ત્યારે જ આપના જેવા ધર્માત્માનો સાચો મહિમા તે ઓળખી શકે છે...ને ઓળખાણપૂર્વકનો જે મહિમા આવે છે તે કોઈ અદ્ભુત હોય છે. સ્વાનુભૂતિ અનુપમ છે, સ્વાનુભૂતિથી બાહ્ય બીજા કોઈપણ પદાર્થ વડે તેની કિંમત કે તેનો મહિમા પૂરો પડી શકે જ નહિ. માત્ર આવી સ્વાનુભૂતિ વડે જ હે માતા! આપ મહાન છો, ને આપનું પવિત્ર જીવન મુમુક્ષુઓ ને પણ તે સ્વાનુભૂતિની પ્રેરણા આપી રહ્યું છે. અહો, સાધર્મીજનો! ધર્માત્માઓની સ્વાનુભૂતિને ઓળખો ને તમે પણ એવી સ્વાનુભૂતિ કરો...એ જ સર્વોત્કૃષ્ટ ભક્તિ છે, એ જ સાચી ધર્મપ્રભાવના છે, ને એ જ માતાજીની આજ્ઞા છે.

આ ઉત્સવ દરમિયાન ધર્માત્મા–સંતોની ચેતનાપરિણતિનો અચિંત્ય મહિમા ગુરુદેવના શ્રીમુખે સાંભળતાં એમ થતું કે 'વાહ! ચંપાબેન તો ખરેખરા ચેતનાબેન છે! અહો, જેમની ચેતના અને જેમનું જીવન સ્વાનુભૂતિમાં પરમ નિમિત્ત થયા છે તેમના ઉપકારની શી વાત! અસંખ્યપ્રદેશે અનુભૂતિમાં વણાઈ ગયેલા તે ઉપકારને માત્ર શાબ્દિક અંજલિ વડે વર્ણવી શકાય તેમ નથી. શબ્દાતીત તેમની સ્વાનુભૂતિ જયવંત વર્તો...તે અભિનંદનીય છે, તેને મારા નિરંતર ભાવનમસ્કાર છે. –હરિ.

## 卐 આ....ત્મ....ધ....ર્મ.... 卐

* સર્વે જિજ્ઞાસુઓનું પ્રિય આત્મધર્મ–માસિક હિન્દી ગુજરાતી બંને ભાષામાં પ્રગટ થાય છે. ગુજરાતી–અંક દરમહિનાની વીસમી તારીખે પોસ્ટ થાય છે. (અત્યાર સુધી દસમી તારીખે પોસ્ટ થતું તેને બદલે હવેથી દસ દિવસ મોડું કરીને વીસમી તારીખે પોસ્ટ થશે.)

* આ અંક શ્રાવણ તથા અધિક ભાદરવા માસના સંયુક્તઅંક તરીકે ગણેલ છે. એટલે અધિકમાસનો વધારાનો અંક પ્રગટ થશે નહિ. હવેનો અંક બીજા ભાદ્રમાસમાં સપ્ટેમ્બરની વીસમી તારીખે પોસ્ટ થશે.

* ગુજરાતી આત્મધર્મનું વર્ષ કારતકથી આસો સુધી ગણાય છે, ને તે મુજબ એક વર્ષનું લવાજમ લેવાય છે. પાછળથી ગ્રાહક થનારને જુના અંકો જે સ્ટોકમાં હોય તે મોકલાય છે. આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧ છે. તેમને આત્મધર્મ કાયમ ફ્રી મોકલાય છે.

* ગત માસમાં અનેક જિજ્ઞાસુઓ તરફથી લાગણીભર્યા પત્રો આવ્યા છે, સૌએ સલાહ સૂચનાપૂર્વક આત્મધર્મ પ્રત્યે અને સંપાદક પ્રત્યે જે હાર્દિકભાવ બતાવ્યો છે તે બદલ સૌના આભારી છીએ. ખાસ કરીને દિલ્હીથી શ્રી ભગતરામ જૈન (મંત્રી), વારાણસીથી પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી, કલકત્તા, છિંદવાડા, ખંડવા, મુંબઈ, મદ્રાસ, રાજકોટ વગેરે અનેક સ્થળેથી સાધર્મીઓના પત્રો આવેલ છે, તે સૌના સૂચનો સંપાદકે લક્ષમાં લીધા છે; તેમના સહકાર બદલ ધન્યવાદ!

* પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજમાન છે; પ્રવચનમાં સવારે પ્રવચનસાર અને બપોરે સમયસાર–કળશટીકા વંચાય છે. બીજા બધા કાર્યક્રમો પણ નિયમિત ચાલે છે. શાંતિમય અધ્યાત્મવાતાવરણમાં મુમુક્ષુજીવે પરભાવની ઘોર અશાંતિથી છૂટીને, ચૈતન્યની અપૂર્વ શાંતિ પ્રાપ્ત કરવાનો આ અવસર છે.–એવા શાંતરસના પિંડરૂપ થયેલા દેવ–ગુરુ આપણને મળ્યા છે ને તેઓ શાંતિનો ભંડાર બતાવી રહ્યા છે...તો હવે ક્યો મુમુક્ષુ જીવ તે આત્મશાંતિને લેતાં વાર લગાડશે?

* વહાલા બાલસભ્યો! મહાવીરભગવાનના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવનું મહાન વર્ષ દોડતું નજીક આવી રહ્યું છે. તમે શું કરશો–એ વર્ષમાં? તમારી આત્મશક્તિને કામે લગાડીને, આત્માનું હિત થાય એવું ઘણું ઘણું કરજો...જીવન આખું પલટી જાય ને મહાવીરના શાસનમાં આવીને આત્મા શોભી ઊઠે–એવું કરજો.–આ થઈ અંદરની વાત!

અને, બહારમાં પણ આવા સુંદર મહાવીરમાર્ગને શોભાવવા માટે તન–મન–ધન સર્વશક્તિથી ભાગ લેજો. અમે આપને કેટલુંક માર્ગદર્શન આપીશું...તે હોંશથી અપનાવજો, ને બધી યોજનાઓમાં નિયમિત ભાગ લેજો તે માટે, હાલ તો અઢીહજારમા નિર્વાણમહોત્સવમાં વાપરવા માટે દિવાળી સુધીમાં તમારા બીજા બધા ખર્ચામાં કાપ મુકીને 'અઢીહજાર પૈસા' (પચીસ રૂપિયા) બચાવી રાખજો. પછી તેનું શું કરવું–તે નક્કી થશે એટલે જણાવશું.

-जय महावीर

## ❀ નાના જ્ઞાનમાં મોટા જ્ઞેય ❀

નાનીશી આંખમાં મોટા દરિયાનું પાણી સમાય નહિ, પણ તે પાણીને જાણી લ્યે એવી તાકાત આંખમાં છે; તેમ નાનોશો આત્મા, એટલે કે મધ્યમ ક્ષેત્રવાળો અસંખ્યપ્રદેશી આત્મા, તેના ક્ષેત્રમાં જગતના અનંતા જીવ–અજીવ પદાર્થો પ્રવેશી ન શકે, પણ તેનું જ્ઞાન તે બધા પદાર્થોને (મોટા અલોકને પણ) જાણી લ્યે એવી તાકાત આત્મામાં છે. તેનું ક્ષેત્ર ભલે મર્યાદિત છે પણ ચૈતન્યશક્તિઓ અમર્યાદિત છે. અહો! આવો અચિંત્ય સર્વજ્ઞસ્વરૂપી, હે જીવ! તું પોતે જ છો. તેની સન્મુખ થઈને અનુભવ કરતાં જ પરમાત્મપદનો મહા આનંદ તને તારા અનુભવમાં આવશે...ભાઈ, આવો અનુભવ કરવાનું આ ટાણું. આવા અવસરમાં નહિ કર તો ક્યારે કરીશ?

## ❀ 'મોટો...જીવ' ❀

જીવ સ્વયંભૂરમણ સમુદ્ર કરતાંય મોટો છે?... જી હા!

* એકલાખ યોજનના આપણા આ જંબુદ્વીપ કરતાં સ્વયંભૂરમણસમુદ્રના પ્રદેશો અસંખ્યગુણા છે. તે સ્વયંભૂરમણસમુદ્રના અસંખ્યપ્રદેશો કરતાં પણ જીવના અસંખ્ય આત્મપ્રદેશો ઘણા વધારે (અસંખ્યગુણા) છે. એટલે પ્રદેશની સંખ્યા અપેક્ષાએ જીવ સ્વયંભૂરમણ કરતાં પણ મોટો છે.
* અને જીવના તે અસંખ્યપ્રદેશોમાં સર્વજ્ઞતા વગેરે જે અનંત ગુણો છે તેના અપાર સામર્થ્યનું તો શું કહેવું?
* અહા, જીવ! આવડો મોટો તું છે...તારો વૈભવ અદ્‌ભુત આશ્ચર્યકારી છે.

---

* જીવના અસંખ્યપ્રદેશોમાં દ્રવ્યના પ્રદેશો ઝાઝા કે પર્યાયના પ્રદેશો ઝાઝા?

  દ્રવ્યના જે પ્રદેશો છે તે જ પર્યાયના પ્રદેશો છે, બંનેના પ્રદેશો જુદા નથી એટલે તેમનામાં હીનાધિકતા નથી. હીનાધિકતા કે પ્રદેશભેદ માનતાં દોષ આવે છે. એક વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયને પ્રદેશભેદ હોતાં નથી.
* ધર્મીજીવનો શુદ્ધ વીતરાગભાવ સફળ છે કે અફળ?

  સંસાર માટે તે અફળ છે ને મોક્ષ માટે સફળ છે.
* અજ્ઞાનીનો શુભરાગ સફળ છે કે અફળ?

  તે સંસાર માટે સફળ છે ને મોક્ષ માટે અફળ છે.

## ❀ યુગ યુગ જીવો ધર્મરત્ન ❀



મંગલકારી 'તેજ' દુલારી પાવન મંગલ મંગલ હૈ,
મંગલ તવ ચરણોંસે મંડિત અવની આજ સુમંગલ હૈ,
શ્રાવણ દૂજ સુમંગલ ઉત્તમ, વીરપુરી અતિ મંગલ હૈ,
મંગલ જન્મમહોત્સવકા યહ અવસર અનુપમ મંગલ હૈ.

*　　　*　　　*

સાગર સમ ગંભીર મતિ-શ્રુત જ્ઞાન સુનિર્મલ મંગલ હૈ,
સમવસરણમેં કુંદપ્રભુકા દર્શન મનહર મંગલ હૈ,
સીમંધર-ગણધર-જિનધુનિકા સ્મરણ મધુરતમ મંગલ હૈ...મંગલકારી૦
શશિ-શીતલ મુદ્રા અતિ મંગલ, નિર્મલ નૈન સુમંગલ હૈ,
આસન-ગમનાદિક કુછ ભી હો, શાંત સુધીર સુમંગલ હૈ;
પ્રવચન મંગલ, ભક્તિ સુમંગલ, ધ્યાનદશા અતિ મંગલ હૈ...મંગલકારી૦

બેનની ( ચંપાબેનની ) વાત જ કોઈ જૂદી છે;....બેનનો આત્મા મંગલમય આત્મા છે;....આખા હિંદુસ્તાનમાં એનો નમૂનો જડે એમ નથી;....બેન તો આખા મંડળનો ( મુમુક્ષુસમાજનો ) હીરો છે, રતન છે, ધર્મરતન છે;....બાઈઓનાં ભાગ્ય છે કે બેન જેવાં આ કાળે પાકયાં છે,....હિંદુસ્તાનમાં બેન જેવું સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. —પૂ. ગુરુદેવ

# ભલે એકલો છું.....પણ પૂરો છું

હે માતા! મેં મારા શુદ્ધચૈતન્યસ્વરૂપની અનુભૂતિ કરી છે, તે સ્વરૂપને વધારે સાધવા, હું મારા ચૈતન્યધામમાં જઈને ઠરવા માંગું છું, તે માટે હે માતા! હું હવે આ મોહ છોડીને શુદ્ધોપયોગી ચારિત્રદશા અંગીકાર કરવા જાઉં છું...તું મને આનંદથી રજા આપ-જ્ઞાની-પુત્ર પોતાની માતા પાસે આ રીતે વૈરાગ્યપૂર્વક રજા માંગતા હોય-તે પ્રસંગ કેવો હશે!

વૈરાગ્યથી મુનિદશા લઈને વનમાં જવા તૈયાર થયેલા ધર્માત્માપુત્રને માતા કહે છે-બેટા, આ ઘર-કુટુંબ વૈભવ બધાને છોડીને તું વનમાં એકલો-એકલો કઈ રીતે રહીશ?

વૈરાગી પુત્ર કહે છે કે હે માતા! ભલે એકલો,-પણ હું પૂરો છું. એક હોવા છતાં અનંતા નિજગુણથી ભરેલો હું પુરો છું. વનમાં એકલો-એકલો મારા અનંતા નિજગુણોના પરિવાર સાથે હું કેલિ કરીશ. સર્વથા એકલો નથી, મારા અનંતા ગુણનો નિજપરિવાર મારી સાથે જ છે...એકલો છતાં જ્ઞાનાનંદે પૂરો છું.

( છું 'એક' શુદ્ધ મમત્વહીન...હું જ્ઞાનદર્શન 'પૂર્ણ' છું )

બા, આ સંયોગ વચ્ચે રહ્યો હતો ત્યારે પણ હું એકલો જ હતો.....ત્યારે પણ હું એકલો જ મારા સુખ-દુઃખને વેદતો હતો; ને હવે પણ મુનિ થઈને વનમાં મારા આત્માના નિર્વિકલ્પ મહાઆનંદને હું એકલો-એકલો ભોગવીશ...ને મોક્ષમાં પણ એકલો જઈશ. સંસારમાં કે મોક્ષમાં જીવ એકલો જ છે, બીજું કોઈ તેનું નથી.

પુત્રની આવી સરસ વાત સાંભળીને માતાએ પ્રસન્નતાથી કહ્યું : વાહ બેટા! આત્માનું એકત્વસ્વરૂપ બતાવીને તેં મારી આંખ ઉઘાડી નાંખી, ને મારા મોહને દૂર કરી દીધો. બેટા, ખુશીથી તું તારા એકત્વના આનંદને સાધ! હું પણ એ જ મંગલ પંથે આવીશ.

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.
મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.
( નિયમસાર ગા. ૧૦૧-૧૦૨ )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( 364250 ) : શ્રાવણ-ભાદ્ર ( ૩૭૦ )